પુત્રી શિક્ષા.

વિદ્યાકળાનિધિ-ષષ્ઠીકળા.

પુત્રી શિક્ષા.

ભાષાંતર કર્ત્તા

છગનલાલ ઠાકોરદાસ મોદી બી. એ.,
હેડ માસ્તર ટ્રેનિંગ સ્કૂલ, વડોદરા.

મુંબઇ.

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કિમ્મત ચાર આના.

ભાષાંતર કર્ત્તાની પ્રસ્તાવના.

વડોદરા રાજ્યના છોકરાઓમાં તેમજ છોકરીઓમાં કેળવણીનો બહોળો ફેલાવો થાય તેવી રાજ્યના અધિપતિ શ્રીમંત સરકાર મહારાજા સાહેબ શ્રી શયાજીરાવની ઘણી ઇચ્છા હોવાથી તથા ગુજરાતી ભાષામાં સ્ત્રી વર્ગને ઉપયોગી થાય તેવાં પુસ્તકો ગણ્યાંગાંઠયાં હોવાથી તેવાં પુસ્તકોની વૃદ્ધિ કરવાનો ઇરાદો આ રાજ્યના દેશી કેળવણીખાતાનો છે. દેશી કેળવણીખાતાની સૂચના અને આશ્રયથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. આ ગ્રંથ હિંદી ભાષામાં છપાયલા "પુત્રીશિક્ષોપકારી ગ્રંથ"નું ભાષાંતર છે. મૂળ ગ્રંથના કેટલાક ભાગમાં ફેરફાર કરવાની જરૂર જણાયાથી તે પ્રમાણે કરેલું છે. આ ગ્રંથમાં આપેલી કવિતા હિંદી ઉપરથી કવિ કાશીશંકર મૂળશંકરે બનાવી આપી છે તેથી તેમનો ઉપકાર થયો છે.

વડોદરા
ચૈત્રી પૂર્ણિમા
સં. ૧૯૪૬.

છગનલાલ ઠાકોરદાસ મોદી.

મૂળ ગ્રંથકારની પ્રસ્તાવના.

ભરતખંડમાં પેહેલાંથીજ સ્ત્રી પુરૂષોમાં વિદ્યા શીખવી શીખવવાનો ચાલ હતો, અને વિદ્યાને ઉત્તમમાં ઉત્તમ દ્રવ્ય સમજીને ચિત્ત લગાડી અભ્યાસ માટે તેઓ મેહનત કરતાં હતાં; પરંતુ જ્યારે પશ્ચિમ દિશામાંથી મુસલમાનોએ અહીં આવી અનેક પ્રકારના ઉપદ્રવ કરવા માંડ્યા, ત્યારે બિચારા હિંદુઓનો પોતપોતાની સ્ત્રીને અવશ્ય કરીને છુપાવવી પડી; અને તે રિવાજ ચાલુ રહેતાં હજી પણ એટલો દૃઢ થઇ ગયો છે કે હાલના ધર્મ રાજ્યમાં નિર્ભયપણું મળ્યા છતાં તે બંધ પડતો નથી. સ્ત્રીઓના ભણવા લખવામાં વિઘ્ન કરનાર આ પહેલવહેલું કારણ હતુ, ને તેથી કરીને આ પ્રાચીન રીતને લોકો નવી સમજી ઘણુ આશ્ચર્ય પામે છે; અગરજો લીલાવતી આદિ ઘણી મહાપણ્ડિતા સ્ત્રીઓ, જેમનાં નામ ઘણાં વિખ્યાતી પામેલાં છે, ને જેમનાં નામ દરેક માણસે સાંભળેલાં છે, તેવી સ્ત્રીઓ પ્રાચીન સમયમાં આપણા દેશમાં થઇ ગઇ છે, એવું તેઓ જાણે છે તે છતાં પણ અહીંની સ્ત્રીઓ અજ્ઞાનતાની ફાંસીમાં એવી ફસાઇ ગયેલી છે કે તેમને છોડવનારને ઘણી મુશીબત પડે છે; જુઓ કે થોડા વર્ષોપર પુત્રીશિક્ષાનું નામ સાંભળી તે લોક ચોંકતા હતા, પરંતુ હાલમાં તો સકલગુણનિધિ વિદ્વાન શ્રીયુત મી૦ એમ. કેમ્પસન સાહેબ બહાદૂર વાળ્વદેશાધિકારી ડીરેકટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રકશનના ઉદ્યોગ તથા ઉત્તમ ઉપદેશથી સેંકડો કન્યાશાળા જોવા સાંભળવામાં આવવા લાગી છે, અને તેમાં હજારો કન્યા કેળવણી લે છે. આ ઉપરથી એવી આશા બંધાય છે કે આપણા ગુણજ્ઞ અધિકારી શ્રમ લઇને આપણા લોકોને

અજ્ઞાનતાની ફાંસીમાંથી જલદીથી છોડવશે. શ્રીમન મહારાજાધિરાજ મહાપ્રતાપી તેજસ્વી ગુણગ્રાહક શ્રીયુત લોર્ડ સર વિલિયમ મેયર સાહેબ બહાદૂરના સમયમાં વિદ્યા અને ગુણનો ઘણો વધારે પ્રકાશ થવા લાગ્યો છે. કવિ લોકોની મનરૂપી જે કળી અત્યાર સુધી બીડાઈ રહેતી હતી તે હવે ઇનામ વગેરે મળવાનાં કારણથી ખીલવા લાગી છે, અને પુત્રીશિક્ષાદિ અનેક પ્રકારનાં પુસ્તકો તૈયાર થવા લાગ્યાં છે. આવી સ્થિતિ જોઇને મારા મનમાં પણ ઘણી ઇચ્છા થઈ કે આપણા સ્વદેશીઓને ઉપયોગમાં આવે એવું કોઈ પુસ્તક બનાવવું; અગરજો મને મારી બુધ્ધિના બળનો ભરોંસો પડતો નહીં હતો, તો પણ શ્રી સર્વ શક્તિમાન ભગવાન અને આપણા ગુણજ્ઞ અધિકારીઓના પ્રતાપ વડે પુત્રીઓના શિક્ષણ માટે ઘણું ઉપયોગી થાય તેવું આ પુસ્તક તૈયાર કર્યુ છે.

પુત્રી શિક્ષા.

નાની ઉમરવાળા સૌને કથા કહાણી સાંભળીને ઘણો આનન્દ થાય છે એ વાત સર્વેને જાણીતી છે. તેટલા માટે આ પુત્રીશિક્ષા નામનો ગ્રંથ છોકરીઓના ઉપદેશ માટે ઘણો ઉપયોગી સમજી બનાવ્યો છે. આ ગ્રંથના ચાર અધ્યાય છે. દરેક અધ્યાયમાં જુદી જુદી અવસ્થાને લાગુ પડે તેવું, હિંદુ સ્ત્રીઓના રોજના વ્યવહારનું વર્ણન કરેલુ છે. વળી સાધારણ વાતચિતમાં બોલાતી સહેલી ભાષા આ ગ્રંથમાં વાપરી છે.

દોહરા.

વંદુ પ્રભુના પદકમળ, જે જગમૂળ જણાય;
નેહનજર* જેની થતાં, રંક થાય છે રાય. ૧
દયા દ્રષ્ટી કરી દે પ્રભુ, વિમલ બુદ્ધિ ને જ્ઞાન;
કરો મનોરથ સિદ્ધ મુજ, દીનબંધુ ભગવાન. ૨
ગુણગ્રાહકતા† દેખીને, વધ્યો ઉર ઉલ્લાસ;
મતિ પ્રમાણે કવિ કરે, ગુણ પ્રભુતણા પ્રકાશ. ૩
પુત્રીના ભણવા થકી, સુધરે છે સંસાર;
કરીશું કથા પ્રસંગનું, વર્ણન વિવિધ પ્રકાર. ૪
કઠણ ગ્રંથ રચવા થકી, સમજે નહિ મન બાળ;
ભૂલ સુધારી વાંચજો, ધરી વિદ્વાન વહાલ. ૫

---

* સ્નેહયુક્ત નજર–સ્નેહથી ભરેલી નજર. † ગુણની પીછાન.

પ્રથમ અધ્યાય.

નર્મદા તીરે આવેલા ભરૂચ શેહેરમાં ધરમદાસ નામનો એક વાણીઓ રહેતો હતો. તે ઘણો ધનવાન હતો તેમજ મોટો ધર્મિષ્ઠ તથા ઘણો પ્રવીણ પણ હતો. એની સ્ત્રી સુલક્ષણા ઘણી ચતુર, ડાહી અને રૂપગુણનો ભંડાર હતી, તેમ પતિવ્રતાનો ધર્મ શો છે તે પણ સારી રીતે જાણતી હતી. તેને કળાવતી નામની પુત્રી થઇ ત્યારથી તેને શિખવવાના હેતુથી તે ચતુર સ્ત્રીએ પહેલાંથીજ ૪૬ રમકડાં રાખ્યાં, અને દરેક રમકડા ઉપર તેના નામનો એકેક પહેલો અક્ષર અનુક્રમ વાર લખ્યો. જ્યારે તે છોકરી રમવાને યોગ્ય થઇ ત્યારે તેને તે આ ૪૬ રમકડાંવતી રોજ રમાડતી અને મૂળાક્ષરના અનુક્રમ પ્રમાણે દરેક રમકડાનું નામ બતાવતી જતી. આ પ્રમાણે કરવાથી થોડાક દિવસ વિત્યા એટલામાં તે છોકરી સઘળાં રમકડાંનાં નામ જાણી ઘણી સારી રીતે મૂળાક્ષરના સઘળા અક્ષરો ઓળખવા લાગી. ત્યાર પછી સુલક્ષણાએ એક નાની ચોપડી લઇ તેમાંથી શિખવવાનું શરૂ કીધું, ને તેમાંથી તે રોજ ભણાવતી હતી એવામાં એક દિવસ કળાવતીને પાઠ યાદ રહ્યો નહોતો, તેથી તેને સુલક્ષણા માર મારતી હતી; તેટલામાં તેના બાપ ધરમદાસ શેઠ દુકાનેથી ઘેર આવી પહોંચ્યા, ને પોતાની દીકરીને રડતી જોઇ પોતાની સ્ત્રીને તેના રડવાનું કારણ પુછ્યુ ને કહ્યું કે એને શું કરવાને દુઃખ દો છો? શેઠાણીએ ઘણી નરમાશથી ઉત્તર આપ્યો કે, પ્રાણનાથ, વિદ્વાનનું વચન છે કેઃ—

દોહરો.

કદી દુઃખ પામ્યા વિના, ગુણ પામે નહિ કોય;
વધ બંધન જો ફૂલ સહે, તો *ગુણવાળું હોય. ૬

અને વળી એમ પણ કહ્યું છે કેઃ–

દોહરો.

લાડવડે અવગુણ લહે, શુભમતિ આપે માર;
તેથી બાળક તાડીએ, લાડ ન ગુણ કરનાર. ૭

જે માણસ આ વચન ધ્યાનમાં રાખતો નથી તે ચંદ્રશંકર પંડિતની માફક દુઃખી થઇ આખરે પસ્તાય છે. શેઠે પુછ્યું કે એ શી રીતે; ત્યારે શેઠાણી મધુર વચનથી બોલી કે આપ ધ્યાન રાખીને સાંભળો, તે વાત હું કહું છું.

અમદાવાદ શેહેરમાં ચંદ્રશંકર નામનો એક પણ્ડિત રહેતો હતો. તેના ઘરમાં ધન બહુ હતું, તોપણ પેટે એક પણ સંતાન ન હોવાથી તેની સ્ત્રી કમળાવતીનો જીવ હમેશાં ઊંચો ને ઊંચો રેહતો હતો. કહ્યું છે કે—પુત્ર વગરનાનું ઘર સૂનું, વિદ્યા રહિતનું હૃદય સૂનું, ને દરિદ્રીનું સઘળું સૂનું. આ બેઉ સ્ત્રીપુરૂષ હરહમેશ ઇશ્વરની સ્તુતિ કર્યા કરતાં કે, "હે સર્વ શક્તિમાન પરમેશ્વર ! અમારા પર દયા કરી અમને એક બાળકનું સુખ દેખાડવાની કૃપા કરો કે જેથી અમારૂં વાંઝયામહેણું ટળે." કેટલાક દિવસ વિત્યા એટલે ઇશ્વર કૃપાથી એમને એક પુત્રી થઈ. તે ઘણી રૂપવાન હતી, તેનું નામ તેમણે રત્નગવરી પાડયું. આ પુત્રી તેમને ઘણી મોટી ઉમરે મહાકષ્ટે થઇ હતી, તેથી તેઓ એને લાડ લડાવતાં હતાં, અને તેને શિખવવા ઉપર પણ ધ્યાન આપતાં નહોતાં. જ્યારે

---

* દોરી.

એ કન્યા પરણાવવા જોગ થઇ ત્યારે તેનો વિવાહ કરવા-ની ફિકરમાં તેઓ પડયાં. યોગ્ય વરની ખોળ કરવા ચંદ્રશંકર પરદેશ નિકળી પડયા તે ફરતાં ફરતાં પાટણ શેહેરમાં જઇ પહોંચ્યા. અહીંઆ સોમનાથ નામનો એક મહા ધનવાન પણ્ડિત રહેતો હતો, તેને વિદ્યાનંદ નામનો એક પુત્ર હતો; તે ઘણો સીળો, ખીલતી જુવાનીમાં આવેલો, અને રૂપવાન હતો. વળી તે સઘળી વિદ્યા ભણેલો હતો. એનાં શીળ, ગુણ અને ચતુરાઈ જોઇને ચંદ્રશંકર મોહ પામ્યા. તેથી સોમનાથને વિનંતી કરી તેણે જણાવ્યું કે હું મારી પુત્રી આપના પુત્રને આપવાની ઇચ્છા રાખું છું. સોમનાથે કહ્યું જેવી આપની મરજી; હું આપના વિચારની વિરૂદ્ધ જઇ શકનાર નથી; કેમકે આપનાં શીળ અને ગુણની પ્રસંશા સાંભળી આપના દર્શન માટે હું ઘણી ઉમેદ રાખતો હતો. કહ્યું છે કે—

દોહરો.

સુજન સુજનને જોઇને, મન સંતોષી થાય;
જોઇ ચકોરી ચંદ્રને, જયમ મનમાં મકલાય. ૮

આપના દર્શનથી મારૂં ચિત્ત ઘણુંજ પ્રસન્ન થયું છે. ચંદ્રશંકર બોલ્યા આપના દર્શનથી મારો જન્મ સફળ થયો હું ગણું છું. ચંદ્રશંકરે નાળિએર ને પાનનાં બીડાં આપી વિદ્યાનંદની સાથે પોતાની પુત્રીનો વિવાહ કીધો, અને ઘેર આવી લગનની તૈયારી કરવા માંડી. પછી શુભ મુરત લઇ જાનને તેડાવી તેણે પોતાની પુત્રીનાં લગન કીધાં, અને અનેક પ્રકારનાં દાન વસ્ત્ર અને દાસીઓ આપી પુત્રીને તથા જાનને વિદાય કીધી. કેટલેક દિવસે જાન ઘેર પહોંચી,

અને કુળની રીતિ પ્રમાણે સોમનાથ પણ્ડિતે સઘળો કર-વ્યવહાર કર્યો. પછી એક દિવસ રત્નગવરી સોળ સણગાર ધારણ કરી સોનાની થાળમાં રતનદિવડો મુકી રાતને વખતે પલંગ ઉપર જ્યાં વિદ્યાનંદ સુતો હતો ત્યાં ગઇ, ત્યારે વિદ્યાનંદે પુછયું કે તમે કોણ છો? રત્નગવરીએ જવાબ દીધો કે, હું આપની સ્ત્રી છું. વિદ્યાનંદ બોલ્યો, સ્ત્રી કોને કહે છે? રત્નગવરીએ ચીડાઇને કહ્યું કે, શું તમે એટલા અજાણ થઇ ગયા છો કે સ્ત્રીને પણ નથી ઓળખતા? એવાં કઠોર વચન સાંભળીને વિદ્યાનંદ સમજી ગયો કે આ સ્ત્રી કંઇ ભણીગણી નથી, પણ મહામૂર્ખ છે. કહ્યું છે કેઃ—

દોહરો.

ભલા ભુંડા સરવે ભલાં, જ્યાં સુધિ વદે ન બોલ;
કાગ પીકનો* થાય છે, ઋતુ વસંતમાં તોલ. ૯

વિદ્યાનંદ પોતાની સ્ત્રીને અભણ જાણીને ઘણો ઉદાસ થયો; કહ્યું છે કેઃ—

દોહરો.

અભણ નારી ને નર ચતુર, ચતુર અભણ ને નાર;
મન બેનાં મળતાં નથી, સુખ નવ લહે લગાર. ૧૦

પછી થાળ ભોંય ઉપર મુકીને રત્નગવરી પલંગ ઉપર બેસી ગઇ, ને વિદ્યાનંદે તેની સાથે વાતચિત કરી ખરી, તો પણ તે ખુલ્લા મનથી નહીં; ખરેખર,

દોહરો.

સ્વભાવ મળતાં મન મળે, નહિ તો મળે નહીંજ;
ફાટે દૂધ કાંજીવડે, દહીં તો કરે દહીંજ. ૧૧

---

* એક જાતનું પક્ષી.

પણ્ડિત પણ્ડિતને મળવાથી પ્રસન્ન થાય છે, મૂર્ખને મળવાથી નથી થતો. વિદ્યાનંદ બોલ્યો કે, તમે મોટા પણ્ડિતના ઘરમાં જન્મ ધર્યો ને બાળક અવસ્થામાં વિદ્યા ન શીખ્યાં એ સારૂં ન કીધું, કેમકે રૂપ હોય, જુવાની હોય, મોટા કૂળમાં જન્મ થયો હોય, છતાં માણસ વિદ્યા વગરનું હોય તો તે સઘળું નકામું છે; દાખલા તરીકે જુઓ કે પલાસના ફુલમાં સુગંધ નથી તેથી તેની શોભા સમુળગી ગણાતી નથી. વળી સંસારમાં દેહ ધારણ કરી જે વિદ્યા ન શીખ્યું તે કેવળ પશુ સમાન છે; માત્ર નામનું તે મનુષ્ય કહેવાય છે. આ સાંભળીને રત્નગવરી ગુસ્સો કરીને બોલી કે, એવું હતું તો મારા જેવી મૂર્ખ સ્ત્રી સાથે શું કરવાને પરણ્યા ? કોઇ સારી ભણેલી શોધવી હતી કેની? વિદ્યાનંદે જવાબ વાળ્યોકે, હું જાણતો નહીં હતો કે મોટા પણ્ડિતની પુત્રી હોવા છતાં તમે વિદ્યા નહીં શીખ્યાં હશો. પણ હવે તમારે ગુસ્સે થવાનું કારણ નથી. કેમકે એવું કહ્યું છે કેઃ—

દોહરો.

*કટુ લાગે કલ્યાણનાં, વચન વિચારો આપ;
કટુ ઔષધ પીધા વિના, મટે ન તનનો તાપ. ૧૨

તેટલા માટે મારૂં કહેવું એવું છે કે જે હિતનું વચન સાંભળી ક્રોધે ભરાય છે, તે દુઃશીલા પોપટીની માફક આખરે પસ્તાય છે, અને દુઃખ પામે છે. રત્નગવરીએ પૂછયું કે એ કેવી રીતે બનેલું. વિદ્યાનંદે કહ્યુ, સાંભળો, હું તે કહું છું.

ખંભાત નામની નગરીમાં એક વીરસેન નામનો

---

* કડવાં.

રાજા હતો. એની પાસે એક હીરામન નામનો પોપટ હ-
તો. એક દિવસ તે રાજાને કંઈ કારણને લીધે પોપટપર
ગુસ્સો આવ્યો. તેથી વાઘરીઓને બોલાવી કહ્યું કે વનમાં
જઈને એક મહામૂર્ખ પોપટી લઇ આવો, અને આ
હીરામન પોપટ સાથે તેનાં લગ્ન કરી દો. આ સાંભળી
તેમણે તે મુજબ કર્યું. હીરામન તે દુઃશીલા પોપટીને જોઇને
મનમાં વિચારવા લાગ્યો કે, આજ સુધીમાં અમારા કુળમાં
કોઈ વિદ્યાહીન હતું નહીં, પરંતુ હવે મૂર્ખતાએ પ્રવેશ કીધો
છે; કેમકે પુરૂષ મૂર્ખ હોય તો ફક્ત તેને પોતાનેજ નુકસાન થાય
છે, પરંતુ સ્ત્રી મૂર્ખ હોવાથી તેનાં છોકરાં પણ મૂર્ખજ નિવડે છે.
આ કારણને લીધે સ્ત્રી અવશ્ય શીખેલી હોવી જોઇએ. હું
નથી સમજી શકતો કે મારાપર કોપ કરીને રાજાએ આ
મૂર્ખી મારી કોટે કેમ બંધાવી. આમ બોલીને તે રડવા
લાગ્યો. એની આવી દશા જોઇને દુઃશીલા બોલી કે, આ-
પના રડવાનું કારણ મને જણાવો. હીરામન બોલ્યો, કહું
છું, તું સાંભળ. એક દિવસ હું આનંદમાં મઝા મારતો
આમ તેમ ફરતો હતો, એવામાં કુબુદ્ધિ અને સુબુદ્ધિ એવા
બે બાળકને શીખવતો એક પણ્ડિત મારી નજરે પડયો.
તે કુબુદ્ધિ ઉપર ઘણો ક્રોધે ભરાતો હતો. આ જોઇને
મારા મનમાં વિચાર આવ્યો કે, આ પણ્ડિત એક બા-
ળકને તો કંઇ કહેતો નથી અને બીજાને ઘણું દુઃખ દેછે;
એવી રીતે કરવું એ સજ્જનનો ધર્મ નહીં. સાધુ પુરૂષ
સઘળા જીવપર સમાનભાવ રાખે છે, ને સરખી રીતે દયા
બતાવે છે; પરંતુ અહીંઆં આમ થાય છે તેથી તેનું કંઇ પણ
કારણ હશે, માટે ત્યાં જઇને તે બાબત પુછવું જોઇએ.

આમ વિચાર કરી હું તે પણ્ડિતની પાસે ગયો, અને પ્રણામ કરીને બોલ્યો કે, મહારાજ, પણ્ડિતજન તો સઘળા ઉપર સમાનદૃષ્ટિ રાખે છે, ત્યારે આપને એવું શું કારણ છે કે આપ બન્ને ઉપર સરખો ભાવ રાખતા નથી? પણ્ડિત બોલ્યો કે, સાંભળ, જે માબાપ બાળકને શીખવતાં નથી તે તેમનાં વેરી જેવાં થાય છે, કેમકે વિદ્યાહીનને સભામાં આબરૂ મળતી નથી. કહ્યું છે કે—

દોહરો.

પંડિતની પંક્તિ* વિષે, નહીં અભણ શોભાય;
હંસની હારથકી જુઓ, જૂદું બગલું જણાય. ૧૩

એટલા માટે માબાપ પોતાના બાળકને ગુરૂને ત્યાં વિદ્યા શીખવાને મોકલતાં નથી ત્યાં સુધી બાળકના દોષને માટે તેઓ જવાબદાર છે, અને જ્યારે ગુરૂને સોંપી દે છે ત્યારે સઘળો ભાર ગુરૂને માથે પડે છે. કદાચિત્ શીખવવામાં ગુરૂ આળસ કરે કે બેદરકારી બતાવે તો તે દોષવાન થાય છે; એટલા માટે મારે કુબુદ્ધિને મારવો પડે છે. સુબુદ્ધિની માતા ભણેલી છે, ને તેણે પોતાના પુત્રને નાનપણથી ભણાવવા માંડ્યો હતો. આ કારણથી એનામાં એવો ગુણ આવી ગયો છે કે તે પોતાની મેળે વદ્યા શીખે છે; કંઈ મારફાડની જરૂર પડતી નથી; કેમકે નવા પાત્રમાં સારો સંસ્કાર થયો હોય છે તો તે વ્યર્થ જતો નથી; પરતુ આ કુબુદ્ધિની માતા ભણેલી નથી તેથી તે પોતાના પુત્રને ભણાવી શકી નથી, એટલે નાનપણથી રમવા કુદવાનો એનો સ્વભાવ પડી ગયો છે, ને હવે ભ-

---

* હાર.

ણવા ગણવામાં એનું ચિત્ત લાગી શકતું નથી; આ કારણને લીધે એની સાથે મારે ઘણી માથાઝીક કરવી પડે છે. એમ કહ્યું છે કે:—

દોહરો.

લીલા ઝાડની ડાળીઓ, વાળે તેમ વળાય;
વળે મહેનતથી નહીં, જ્યારે તે સુકાય. ૧૪

આ વાક્ય સાંભળી હું સમજ્યો કે માતા ઝાડ સમાન છે અને બાળક ફળ સમાન છે. સારાં નરસાં જેવાં ઝાડ હોય છે તેવાંજ તેનાં ફળ થાય છે; તે પ્રમાણે બાળક વિદ્વાન થશે કે મૂર્ખ રહેશે તેનું મુખ્ય કારણ માતાજ હોય છે; વળી કહેવત છે કે 'ઠામ તેવી ઠીકરી, ને મા તેવી દીકરી;' કેમકે બાળપણમાં બાપ કરતાં માની પાસે બાળકનું રહેવું વધારે થાય છે, ને ઘણોખરો વખત તેનીજ પાસે કાઢે છે; આવા બાળપણના સમયમાં માતા બાળકને પોતાના મનમાનતા ગુણ વગેરે શીખવી શકે છે. જેમ કુંભાર માટીનો પિંડો લઇ પોતાની મરજીમાં આવે તેવો પદાર્થ બનાવે છે, તેમ માતા બાળકને પોતાની મરજીમાં આવે તેવું રૂપ આપી શકે છે. બીજા બહારના લોકો જેમણે બાળકનો સ્વભાવ સુધારવા માટે કોઇ પ્રકારનો નિશ્ચય કીધેલો નથી તેઓ તો ફક્ત ઉપાય કરી જોનાર થાય છે, અને તેનું ફળ વિપરીત થયેલું જોવામાં આવે છે; કેમકે એવું કહ્યું છે કે:—

દોહરો.

સારૂં સહજ બગડી શકે, બગડ્યું ન સુધરનાર;
ફાટ્યું દૂધ ફરી કદી, સ્વચ્છ ન દૂધ થનાર. ૧૫

કોઇ નાના ઝાડનાં પાંદડાં બળી જાય તો તે માટે ઘણાઓ ઉપાય કરવાથી પણ તે પેહેલાં જેવાં લીલાં તાજાં શ-

ક્તિવાળાં થતાં નથી, એટલુંજ નહીં પણ તેના વધારામાં ઉલટી ખલેલ પડે છે; તેવીજ રીતની બાળકની પ્રકૃતિ અને બુદ્ધિની સ્થિતિ જાણવી. જો માતા મૂર્ખ હોય છે તો બાળક ઘણુંખરૂં મૂર્ખજ થાય છે; અને અનેક ઉપાય કામે લગાડી બીજા લોકો ઘણી મેહનત કરે તોપણ જેવાં જોઇએ તેવાં તે હોંશિયાર બની શકતાં નથી. આટલા માટે મારૂં કહેવું એવું છે કે હમણાં મારા વંશમાં મૂર્ખતા—અજ્ઞાનપણાએ પ્રવેશ કીધો છે, અને મૂર્ખ બાળક થાય તેના કરતાં બાળક સમુળગાંજ ન થાય એ હું વધારે સારૂં ધારૂં છું. બુદ્ધિવાન પુરૂષનું વચન છે કેઃ—

દોહરો.

કુલ કપૂત નર્થો કામનો, તેથી શોભા જાય;
આંચળ કંઠે બકરીને, પણ દૂધ નહીં દો'વાય. ૧૬

દુઃખ દેનાર પુત્ર બે પ્રકારના થાય છેઃ—મરી જાય તે, અને કપૂત—મૂર્ખ નિવડે તે; એમાં બીજાના કરતાં પહેલા પ્રકારના સારા છે; કેમકે પહેલા પ્રકારના તો એકજવાર દુઃખ દે છે, પરંતુ બીજા પ્રકારના તો ડગલે ડગલે માબાપને પીડા આપે છે. આ વાત સાંભળીને દુઃશીલા ક્રોધરૂપી અગ્નિથી બળી ધીકી થઇ ગઇ, અને કહેવા લાગી કે આપ મોટા પણ્ડિત હતા તો પછી કોઇ પણ્ડિતાણીને શોધી કાઢી તેની સાથે કેમ ન પરણ્યા? હીરામન વિચાર કરી મનમાં બોલ્યો કે, મૂર્ખ હોય છે તેને સારાને માટે ઉપદેશ કરવામાં આવે તો પણ ઉલટો કોપ કરે છે; કેમકે એવું કહ્યું છે કેઃ—

દોહરો.

અણુસમજુની આગળે, કરવો નહિ હિતબોધ;
બતાવતાં લઇ આરસી, નકટો કરશે ક્રોધ. ૧૭

હવે હીરામન પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે સંસારમાં છ પ્રકારનું સુખ છેઃ–પેહેલું આરોગ્યતા (શરીરનું સુખ), બીજું ધનની આવક, ત્રીજું મધુર બોલનારી સ્ત્રી, ચોથું આજ્ઞાકારી પુત્ર, પાંચમું સાચો મિત્ર, છઠું ફળદાયક વિદ્યા; પરંતુ એ સર્વેમાં સ્ત્રીનું સુખ મુખ્ય છે, કેમકે સ્ત્રી પુરૂષની અર્ધાંગના છે અને સુખદુઃખના વખતમાં હમેશાં સાથે રહે છે. કદાપિ જો સ્ત્રી ક્રોધી સ્વભાવની નિકળી તો પુરૂષનો આખો જન્મારો દુઃખમાંજ જાય છે. આ દુઃશીલા તો ખરેખરી કર્કશા અને મિજાસી દેખાય છે, મારા દહાડા એની સાથે શી રીતે જશે? વળી એ મૂર્ખને પેટે જે બચ્ચાં થશે, તે મૂર્ખ નિવડીને દુઃખદાયી થવાનાં. એવું કહ્યું છે કેઃ–

દોહરો.

કદી મૂર્ખના મૂખથી, મધુર ન વાત થનાર;
કડવી વેલથકી મીઠાં, ફળો નથી ફળનાર. ૧૮

માણસ ગૃહસ્થાશ્રમમાં પડે છે તે પોતાના સુખને માટેજ, પણ જો તેથી શરીરને સુખ ન મળે તો તે વ્યર્થ છે, કેમકે સજ્જનોનું વચન છે કે–

દોહરો.

કરવું ન સુખ જે સુખથકી, થવું પડે હેરાન;
તજીએ સોનું તરત તે, જેથી તૂટે કાન. ૧૯

એટલા માટે આ જગ્યાએ રહેવું સારૂં નથી એવો

વિચાર મનમાં લાવી એક દિવસ લાગ મળવાથી પાંજરામાંથી નિકળીને તે ઉડી ગયો, અને તપોવનમાં જઇ નર્મદા તીરે તપ કરવા લાગ્યો. પછી દુઃશીલા પોતાના પતિને ન જોવાથી ઘણી ગાભરી થઇ, અને અતિશય ચિન્તાથી કહેવા લાગી કે પૃથ્વીનું ભૂષણ રાજા છે, અને તારાગણ (તારાસમૂહ)નું ભૂષણ ચંદ્રમા છે, તેજ પ્રમાણે સ્ત્રીનું ભૂષણ પતિ છે, અને વિદ્યા સઘળાંનું ભૂષણ છે; પતિ વગર સ્ત્રીનું જીવતર ફોગટ છે, માટે મારા સ્વામીને મેં કઠોર વચન કહ્યાં એ મેં સારૂં કીધું નહીં; એ રીતે ઘણો પસ્તાવો કરવા લાગી. કહ્યું છે કેઃ–

દોહરો.

નહીં કહેવી કોઇને, મુખથી કડવી વાણ*;
છેદે છે જન હૃદયને, જયમ ભેદે છે બાણ. ૨૦

તેટલા માટે માંરૂં કહેવું એવું છે કે હિતનાં વચન સાંભળીને જે વિના કારણ ક્રોધ કરે છે તે દુઃશીલા પોપટીની માફક દુઃખ પામે છે. આ વાત સાંભળીને રત્નગવરીને ખરી વાતની ગમ પડી; અને સમજી કે મારાં માબાપે લાડ લડાવવામાં અને પ્યાર બતાવવામાં મને શીખવવા ઉપર કંઇ પણ ધ્યાન આપ્યું નહીં; હવે કેવી રીતે આ દુઃખમાંથી છુટીશ, એ પ્રમાણે રોજ ચિન્તામાં ને ચિન્તામાં રહેતી, તેથી પોતાનું શરીર અર્ધું કરી નાખ્યું. કવિનું વચન છે કેઃ–

---

* વાણી–બોલ.

કુણ્ડલિયા.*

ચિન્તા જ્વાલ શરીરમેં, દૌ લાગી ન બુઝાય।
પ્રગટ ધુઆં નિકસે નહીં, અંત રહી ધુંધુવાય ॥
અંતર હી ધુંધુવાય જરે જસ કાંચકી ભટ્ટી।
રક્ત માંસ જર જાય રહે પિંજરકી ટટ્ટી ॥
કહિ ગિરધર કવિરાય, સુનો રે મેરે મિન્તા।
વે નર કૈસે જિયેં જિન્હેં નિત વ્યાપે ચિન્તા ॥ ૨૧

આ પ્રકારે રત્નગવરી રાત દિવસ શોચ કરતી હતી અને પોતાના મનની વાત કોઇને કહેતી નહોતી; કેમકે એવું કહ્યું છે કે, ધનના નાશની, મનના સંતાપની, ઘરના માણસના દુરાચારની, અને અપમાન થયું હોય તેની વાત બુધ્ધિવાને બહાર પાડવી નહીં. એક દિવસ ધીમતી નામની એની એક ઘણી ચતુર દાસી હતી તેણે પુછ્યું કે, બાઇ, આપ દિવસે દિવસે ગળાતાં જાઓ છો એનું કારણ શું ? રત્નગવરી બોલી, તું પુછીને શું કરી શકીશ. એવું કહ્યું છે કેઃ—

દોહરો.

પોતાનો જન હોય પણ, પીડા લૈ ન શકાય;
દુંઃખતી આંગળી પાસની, આંગળી દુંઃખી ન થાય. ૨૨

વળી એવું પણ કહ્યું છે કેઃ—

---

* ચિન્તા જ્વાલા શરીરમાં, લાગી નહીં બુઝાય,
ધૂમાડો નિકળે નહીં, અંતરમાં ધુંધવાય;
અંતરમાં ધુંધવાય, બળે જ્યમ કાચની ભઠ્ઠી,
રૂધિર માંસ બળી જાય, રહે અસ્થીની* ટટ્ટી;
કહે ગિરિધર કવિરાજ, સુણો મિત્રો મતિમંતા,†
તે નર કયમ કરી જીવે, ચિત્ત જેને છે ચિન્તા.

* હાડકાં. † બુદ્ધિવાન.

દોહરો.*

તુળસી મનકે દુઃખકો પ્રગટ ન કરિયે રોય ।
ભરમ ગંવાવે આપનો બાંટિ ન લેહે કોય ॥ ૨૩

તેટલા માટે મારા મનની વાત હું તને કહી શકતી નથી. આવો જવાબ સાંભળીને ધીમતી બોલી, અહો બાઈ, આમ મને શું ઉડાવો છો. અહીં આવતી વખતે તમારાં માતાજીએ મને કહી મુકયું હતું કે "મારી રત્નગવરીને તારા પ્રાણથી વહાલી ગણજે, અને હમેશાં તેના સુખદુઃખની સાથી થજે." આ ઉપરથી તમારૂં શરીર દુર્બળ થઇ જવાનું કારણ હું પુછું છું; તમારા પર પડતું દુઃખ ટાળવાની મારામાં ગુંજાસ છે; કેમકે એવું કહ્યું છે કેઃ—

દોહરો.

કામ પડયાથી જાણીએ, જે નર જેવો હોય;
તાવ્યા વિણુ ખોટું ખરૂં, કહે ન સોનું કોય. ૨૪

આ સાંભળીને રત્નગવરીને તેની વાત ઉપર વિશ્વાસ આવ્યો, અને પોતાની સઘળી હકીકત તેને કહી સંભળાવી. તેણે જણાવ્યું કે મારો પતિ ખરેખર ઉદાસ જેવો જણાય છે. કેમકે કહ્યું છે કેઃ—

દોહરો.

સર્વનું હેત અહેત તે, નેત્ર થકી પરખાય;
ભલું ભુડું આરસી વડે, જેમ જરૂર જણાય. ૨૫

અરે મારી દુઃખની ભાગીયેણ, હવે મારે શો ઉપાય કરવો? મને મૂર્ખ સમજીને મારા પતિ મારા પર ખરા

---

* તુલસી મનના દુઃખની, પ્રગટ ન કરીએ વાત;
લે ન વહેંચી કોઈ તે, ભરમ ખુવે નિજ જાત.

ભાવથી હેત રાખતા નથી, ને તેથી મારૂં જીવવું મિથ્યા છે. એવું કહ્યું છે કેઃ–

દોહરો.

ધન દૈને તન રાખીએ, તન દૈ રાખો લાજ;
ધન દો તન દો લાજ દો, એક પ્રેમને કાજ. ૨૬

તેથી, ઓ મારી વહાલી, આ મારા દેહનો ત્યાગ કરવો એ હું વધારે સારૂં ગણું છું. ધીમતીએ સઘળી હકીકત સાંભળીને કહ્યું કે, ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારેનો હેતુ માણજ છે; જેણે માણનો અંત આણ્યો તેણે શું ન માર્યું ગણાય? તેટલા માટે, બાઇ, ગભરાવાની જરૂર નથી, હવે ધીરજ પકડી ઉપાય શોધવાની ફિકર રાખવી જોઇએ; કવિનું વચન છે કેઃ–

દોહરો.

પડી પીડાથી છૂટીએ, શ્રમ લૈ કરી ઉપાય;
વમળ પડેલું નાવ* નહિ,જતન વિના જળવાય. ૨૭

આવી રીતે રત્નગવરીને ધીરજ આપી ધીમતીએ ચંદ્રશંકર પણ્ડિત ઉપર એક કાગળ લખાવ્યો. તેમાં જણાવ્યું કે જ્યારથી બાઇજી અહીં આવ્યાં છે ત્યારથી શરીરે સુખી રહેતાં નથી. તેટલા માટે અહીં વધારે વખત હાલમાં રાખવાં મને દુરસ્ત લાગતું નથી. થોડાક દિવસ સારૂ કોઇ પણ રીતે બાઇજીને આપે બોલાવી લેવાં. આ પ્રમાણે કાગળ લખાવી બીડીને પોતાના એક નોકરને આપી ચંદ્રશંકરની પાસે મોકલ્યો. તે માણસ કેટલેક દિવસે અમદાવાદ શેહેરમાં આવી પહોંચ્યો, અને ચંદ્રશંકર પણ્ડિતને પ્રણામ કરી

---

* વહાણ.

કાગળ આપ્યો, તથા સઘળા કુશળક્ષેમના સમાચાર કહ્યા. ચન્દ્રશંકર કાગળ વાંચી ઘણા વિચારમાં પડ્યા. બીજેજ દિવસે પોતાની પુત્રીને તેડાવવાની તજવીજ કરી થોડા દિવસમાં તેને બોલાવી લીધી. રત્નગવરી પિહેર આવી ત્યારે તેની શરીરસંબંધી સ્થિતિ જોઇને તેના પિતાને ઘણી ચિન્તા થઇ, અને તે બાબત તેને પુછવા લાગ્યા. રત્નગવરીએ રડી પડીને કહ્યું કે, હે પિતાજી, આપે મારી બાલ્યાવસ્થામાં મને ભણાવી ગણાવી નહીં ને તે ઉપર કંઈ ધ્યાન ન આપતાં ઘણાં લાડ લડાવ્યાં ને અતિશે વહાલ બતાવ્યા કીધું તેનું આ પરિણામ છે. આ સાંભળી ચંદ્રશંકર મનમાં સમજી ગયા કે મારો જમાઇ ઘણો બુદ્ધિવાન અને ચતુર છે તેથી તેણે મારી દીકરીનો મૂર્ખ જાણીને નક્કી અનાદર કીધો હશે. કહ્યું છે કેઃ—

દોહરો.

ચતુરથી ન છાની રહે, અંતરની કંઈ વાત;
વૈદ પારખે કર ગ્રહી, જેમ રોગની જાત. ૨૮

ચંદ્રશંકરે સઘળી વાત સાંભળી પોતાની પુત્રીને કહ્યું કે, હે પુત્રી, આ કામમાં મારોજ દોષ છે, બીજા કોઇનો નથી; કેમકે મારા જેવા મહાપણ્ડિત ગણાતા માણસની પુત્રી મૂર્ખ રહેવાથી દુઃખરૂપી સમુદ્રમાં ડુબી જાય એ સંભવે છે; પણ આનું કારણ ભાવી* છે. બુદ્ધિમાનનું વચન છે કેઃ—

દોહરો.

મતિ ઉપજે જન મન વિષે, જેવું ભાવી હોય;
શુદ્ધ માર્ગ સૂઝે નહીં, જો સમજાવે તોય. ૨૯

---

* ભવિષ્યમાં બનવાનું તે.

વળી એવું પણ કહ્યું છે કે જેમ દૂધ દોહતી વેળાએ ગાયનો વાછરડો બાંધવાને લીધે તેની માતાની જાંઘ થાંભલો બને છે, તેમ હિત કરનાર વસ્તુ આવી પડવાની આપદાનું કારણ થઇ પડે છે; પરતુ હવે શોચ કરવો છોડી દઇ જરૂરની વસ્તુ મેળવવા માટે પેરવી કરવી જોઇએ, કેમકે શોચ સઘળા કામમાં આડો આવે છે. કહ્યું છે કે—

દોહરો.

વીતી વાત વિસારી દે, ભવિષ્ય વહેલું ભાળ;*
જે બની આવે સહજમાં, તેજ સદા સંભાળ. ૩૦

આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરી પોતાની પુત્રીને કહ્યું કે, હે વહાલી દીકરી, આવી પડેલી આપદા દૂર કરવાનો યત્ન કરવો ઘટારત છે. વિપત્તિના વખતમાં દિલગીર થવું એ હલકા માણસનું લક્ષણ છે. તેથી તું મનમાંથી ફિકરચિંતા દૂર કર. હું તને છ મહિનામાં વિદ્યારૂપી આભૂષણથી શોભાવી ઘણી હોશિયાર બનાવીશ, એવી હું પ્રતિજ્ઞા લઉં છું. આ રીતે રત્નગવરીને દિલાસો આપી કહ્યું કે કોઇ કવિનું વચન છે કેઃ-

દોહરો.

ભણતાં ભણતાં થાય છે, જન મોટો મતિમાન;
દોરડું ઘણું ઘસાય તો, પથરે પડે નિશાન. ૩૧

વળી એવું પણ કહેલું છે કેઃ—

દોહરો.

ભણતાં પંડિત નિપજે, લખતાં લહિયો થાય;
ચાર ગાઉ નિત ચાલતાં, લાંબો પંથ કપાય. ૩૨

---

* જો, તપાસ.

તેટલા માટે, હે પુત્રી, હવે તારા મનમાંથી સઘળો સંદેહ દૂર કર, અને ચિત્ત લગાડી વિદ્યા શીખવાની શરૂઆત કર. ચંદ્રશંકરે પેહેલાં બાળકની અવસ્થાનું જ્ઞાન આપવાનો આરંભ કર્યો પછી જ્યારે તે સારી રીતે શીખી ગઇ ત્યારે યુવાવસ્થા શીખવી. આ બે બાબતનું જ્ઞાન મેળવ્યા પછી વૃદ્ધાવસ્થાની શરૂઆત કરાવી. રત્નગવરીએ એ ત્રણે અવસ્થા સંબંધી જ્ઞાન મેળવ્યું, ને તે બાબતમાં ઘણી ચતુર તથા નિપુણ થઇ. પછી થોડા સમયમાં રત્નગવરીના સસરા સોમનાથે એને તેડવા માટે માણસ મોકલ્યું, તે જાણી તેને ઘણો આનંદ થયો, અને પોતાના સ્વામીને મળવાની ઘણી ઇચ્છા રાખી પિહેરથી નિકળી. કેટલાક દિવસ રસ્તામાં ગયા પછી તે પોતાને સાસરે પહોંચી. ત્યાં પોતાની સાસુ, નણંદ વગેરે સઘળાં સાથે જોઇએ તેવો વિવેક બતાવી બેઠી અને મધુર વચનથી વાતચિત કરી સઘળાંને ખુશી કીધાં. એની યોગ્યતા જોઇને ઘરનાં સઘળાં માણસને આશ્ચર્ય લાગવા માંડયું, કેમકે પેહેલાં તો એનામાં મૂર્ખતા ભરાયલી હતી તેથી એના મનમાં અંધારૂં ઘોર હતું, ને હમણાં તો વિદ્યારૂપી દિવાથી સઘળો પ્રકાશ થઇ રહ્યો હતો. કહ્યું છે કે વિદ્યાથી વિનય આવે છે, વિનયથી યોગ્યતા આવે છે, યોગ્યતાથી ધન મળે છે, ધનથી ધર્મ મળે છે, ને ધર્મથી સુખ થાય છે. બુદ્ધિમાન પુરૂષ સામા માણસનો સ્વભાવ ઓળખો લઇ તેને પોતાને વશ કરી લે છે.

હવે એક દિવસ રાતનો અનુકૂળ વખત જોઇને રત્નગવરી પોતાના પતિ પાસે ગઇ અને હાથ જોડી ઘણી નમ્રતાપૂર્વક મધુર વચનથી બોલી કે, સ્વામીનાથ, આપની દાસી સેવામાં હાજર છે. મારાપર દયાભાવ રાખશો ને મારી વિનંતી સાંભળશો.

દોહરો.

સજ્જન અંગીકાર કરી, નભાવી લે સહુ કાળ;
કુટિલ* કલંકી† ચંદ્ર ધરી, શિવ નવ બને લજાળ. ૩૩

મારા જેવી મૂર્ખીને નિભાવી લેવાને આપ સઘળી રીતે સમર્થ છો. વિદ્યાનન્દ બોલ્યો, હે પ્યારી તું આવી? સારી તો છે? રત્નગવરીએ ઉત્તર વાળ્યો, સારી તો સ્વામીનું મુખ્યકમળ જોઇનેજ રહી શકું, ને આવું નહીં તો હું ક્યાં જવાની હતી? હું તો આપના ચરણની રેખા બરોબર છું તે શી રીતે છુટી થઇ શકું? કહ્યું છે કે–

દોહરો.

સગો દૂર નહિ થઈ શકે, સગપણ વૃથા ન થાય;
રેખાઓ‡ રહીં હાથમાં, કદી મટી નવ જાય. ૩૪

રત્નગવરીનાં દીન અને મધુર વચન સાંભળીને વિદ્યાનંદ ઘણો પ્રસન્ન થયો અને તેને બેસવાની આજ્ઞા આપી. કવિનું વચન છે કેઃ–

દોહરો.

માન મળે છે ગુણ વડે, ગુણ વિણ માન ન હોય;
પોપટ પાળે પ્રીતથી, કાગ ન પાળે કોય. ૩૫

રત્નગવરી પતિની આજ્ઞા થવાથી પલંગપર બેઠી અને બન્નેમાં અરસપરસ સહજ પ્રીતિ ઉત્પન્ન થવાથી તેઓ આનંદની વાતચિત કરવા લાગ્યાં. કહ્યું છે કેઃ–

---

* વાંકો. † ડાઘાવાળો. ‡ હથેલીમાં જે કાપાઓ હોય છે તે.

દોહરો.

બન્ને મને ચહાય તો, સહજ થાય સંયોગ*;
એક હાથ જયમ છે નહીં, તાળી પાડવા જોગ. ૩૬

પછી તો એ બન્નેનો વખત રોજ રોજ હર્ષ ને આનંદમાં ગુજરવા લાગ્યો. ત્યાર પછી રત્નગવરીએ પોતાના પિતાને કાગળ લખ્યો કે હવે હું ઘણા આનંદમાં દિવસ ગુજારૂં છું, આપે કોઇપણ વાતની ચિંતા કરવી નહીં. આ કાગળ વાંચીને ચંદ્રશંકર ઘણા ખુશી થયા, અને પોતાની પાછલી ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યા.

આટલા માટે હું કહું છું કે જે માણસ પોતાના સંતાનનું ભલુંભુંડું શાથી થશે તેનો વિચાર કરી તેને શીખવવા ઉપર ધ્યાન આપતા નથી તે ચંદ્રશંકરની માફક પસ્તાય છે.

પેહેલો અધ્યાય સમાપ્ત.

* મેળાપ.

અધ્યાય બીજો.

બાલ્યાવસ્થાનો પ્રારંભ.

ચંદ્રશંકરની કથા સાંભળી ધરમદાસ શેઠ બોલ્યા કે ચંદ્રશંકરે પોતાની પુત્રી રત્નગવરીને જે ત્રણે અવસ્થાનું જ્ઞાન આપ્યું, તે દરેક અવસ્થાના ધર્મ અનુક્રમવાર મને કહી બતાવો. સુલક્ષણા બોલી, સાંભળો પ્રાણનાથ પેહેલાં બાળ અવસ્થા વિષે બોલું છું. એનું પેહેલું વાક્ય આ છે:—

દોહરો.

બાળપણામાં પુરૂષ જે, વિદ્યા ભણ્યો ન હોય;
પશુ જેવો તે જગતમાં, છતમાં છે નર તોય. ૩૭

ચંદ્રશંકરે કહ્યું કે, હે દીકરી, જે બાળક પોતાનુ બાળપણ વિદ્યા શીખવામાં ગાળે છે તે ચંદ્રભાગાની માફક પોતાનો યશ ને કીર્તિ વધારે છે તથા સદા સુખી રહે છે; અને જે રમવાકુદવામાં ગાળે છે તે કુબુદ્ધિનીબાઇ નામની છોકરીની માફક અપજશ પામે છે, અને હમેશાં ઘરમાં કજીયોકંકાસ કરે છે. રત્નગવરીએ પુછયું, એ શી રીતે પિતાજી? ચંદ્રશંકરે કહ્યું:—સાંભળ—સુરત શેહેરમાં બ્રહ્માનંદ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. એની સ્ત્રી વિદ્યાગવરી ઘણી વિદ્વાન અને ડાહી હતી. તેને ચંદ્રભાગા નામની એક પુત્રી હતી; બાળપણથીજ વિદ્યા શીખવાપર તે પુત્રીનું મન એવી રીતે વાળવામાં આવ્યું કે જ્ઞાનની સાથે સઘળા સારા ગુણ તેનામાં આવ્યા. ચાર ઘડી રાત રહે ત્યારે તે છોકરી પોતાની માની

સાથે ઉઠતી અને પેહેલાં ઇશ્વરનું ધ્યાન ધરતી. ત્યાર પછી પોતે શીખેલા પાઠ યાદ કરી જતી. સવારનો વખત વિદ્યાર્થીઓને ઘણો ઉપયોગી હોય છે તેથી કરીને બાળકોને વેહેલા ઉઠવાની ટેવ પાડવી જોઇએ. કોઇ કવિનું વચન છે કેઃ—

દોહરો.

પ્રભાતમાં નિત ઉઠીને, ધરિએ પ્રભુનું ધ્યાન;
તેથી ધન કીર્તિ વધે, વળી મળે શુભ જ્ઞાન. ૩૮

વળી એમ પણ કહ્યું છે કેઃ—

દોહરો.

સવારના શુભ વાયુને, જે સેવે મતિમાન;
સુખ તેનું સઘળું વધે, બુદ્ધિ થાય બળવાન. ૩૯

સૂર્ય ઉગ્યા પેહેલાં ચંદ્રભાગા ઉઠતી ને દાતણપાણી કરતી. પછી પોતાની ચોપડી લઇ પેહેલાં શીખી ગઈ હોય તે પાઠ બરોબર જોઇ જતી, અને પાછલો પાઠ પોતાની માને સંભળાવતી; ત્યાર પછી નવો પાઠ શીખતી તથા બરોબર ચિત્ત લગાડીને ગોખવાનું હોય તે ગોખતી. ભણવાનું કામ પતાવી દીધા પછી જ્યારે તેની માતા પોતાના ઘરકામમાં રોકાતી. ત્યારે તે પોતે પોતાના નાના ભાઇને રમાડતી. વળી રમતમાંને રમતમાં તેને મૂળાક્ષર શીખવતી તથા એકડેએક ભણાવ્યા કરતી. કવિનું વચન છે કેઃ—

દોહરો.

આદિવર્ણ જે નહિ ભણ્યો, એક એક કરી ચિત્ત;
તે નર જગમાં કોઇ પણ, ગ્રંથ ભણે શી રીત. ૪૦

વળી એવું પણ કહ્યું છે કેઃ—

એક એક અક્ષર વડે, જાણે ગ્રંથ વિચાર;
આંટે આંટે કાપતું, પૈડું કોસ હજાર. ૪૧

ચંદ્રભાગા કદી પણ ધૂળમાં રમતી નહીં, તેમ પોતાના ભાઈને પણ ધૂળ કે કચરામાં રમવા દેતી નહીં. હમેશાં લુગડાં સ્વચ્છ રાખતી, તેને મેલાં થવા દેતી નહીં, અને તેની મરજી પ્રમાણે તેને રમાડતી. તેને રડવા કે હઠ કરવા દેતી નહીં મૂર્ખ છોકરીઓ સાથે વાતચિત કરવાનું તેને પસંદ નહોતું. કદીપણ બીજાને ઘેર રમવા જતી નહીં. પોતાની ચોપડી ફાડતી નહીં; અને તે મેલી કરવી એ ઘણું ખોટું છે એમ સમજી બહુ કાળજીથી તે સાચવતી હતી. એક દિવસ એવું બન્યું કે એના પડોસીની કુબુદ્ધિની નામની છોકરી પોતાના નાના ભાઈને રમાડવાને સારૂ તેને ઘેર લઈઆવી અને કેટલીકવાર સુધી તેને રમાડ્યા પછી રમતાં રમતાં પોતાના ભાઈને તે ચીઢવવા લાગી અને તેને ધીરેથી એક થપ્પડ મારી ને પોતે ખીખી હસવા મંડી. તે ઉપરથી તેનો ભાઇ રડી પડ્યો, અને ચીડવાઈને કુબુદ્ધિનીના માથાના વાળ ખેંચવા લાગ્યો, એટલે તે પણ રડી અને બૂમ પાડવા લાગી. આ સાંભળી વિદ્યાગવરી ઘરમાંથી બહાર આવી ને જુએ છે તો નાનો ભાઇ પોતાની બેહેનના વાળ પકડીને ખેંચતો હતો અને રડતો હતો. વિદ્યાગવરીએ પુછ્યું કે, આ છોકરો આ પ્રમાણે રડે છે ને હઠ કરે છે તેનું કારણ શું છે? કુબુદ્ધિની બોલી કે, કાકી આ નઠારો છોકરો આ પ્રમાણે રોજ રડે છે, જીદ કરે છે અને મને મારે છે તથા ગાળો દે છે; રોજ ઘરમાં રમખાણ મચાવે છે, ને સેહેજસેહેજમાં રીસઇ જઇ રડયા કરે છે. એટલામાં ચંદ્રભાગા બોલી કે, મા, આ છોકરાનો આમાં કશો વાંક નથી.

પેહેલવેહેલાં તો એ છોકરીએ તેને છેડઆંગળી કીધી અને તેના માથાપર એક થપ્પડ ચ્હોડી. આ સાંભળીને વિદ્યાગવરી બોલી, કેમરે, તંજ આ છોકરાનો સ્વભાવ બગાડયો છે ને હવે એને કેમ વગોવે છે? ઘણું ખરૂં મૂર્ખ સ્ત્રીઓ પોતાનાં બાળકોને લાડ લડાવતાં ગાળ દઇ દઇને તેમને ગાળો દેતાં શીખવે છે અને તેમની ગાળો સાંભળીને ઘણી ખુશી થાય છે. જુઓ, એ કેવી મૂર્ખાઈની વાત છે? જ્યારે છોકરાં જરા મોટાં થાય છે ત્યારે તે ગાળ દે છે તે ખરાબ લાગવાથી તેમની મા તેમના ઉપર ગુસ્સે થઇ તેમને મારપીટ કરે છે, એટલે તે છોકરાં મારપીટ કરવાનું ને ચીડાઇ જવાનું પણ શીખી જાય છે. જરા ધ્યાન દઈ વિચાર કરશો તો માલમ પડશે કે બાળકોમાં કોઇ પ્રકારના દોષ હોતા નથી. ગાળ દેવી, મારપીટ કરવું, ગુસ્સો કરવો એ શું, તે તેઓ જરાપણ સમજતાં નથી. તેઓ તો પોતાનાં મા તથા બાપને મ્હોડેથી જે જે સાંભળે છે તે પોપટની માફક મ્હોડે કરી લે છે, ને તેનો અર્થ પણ જાણતાં નથી. એવું કહ્યું છે કે:-

દોહરો.

જન્મી તરત જાણે નહીં, હિત અહિત વિચાર;
જાણે જેમ તેમ સમજી લે, નાનપણે નરનાર. ૪૨

પરંતુ જ્યારે તેઓ મોટાં થાય છે ત્યારે અર્થ જાણ્યા પછી પણ પોતાનો ખરાબ સ્વભાવ ને બુરી ટેવ છોડી શકતાં નથી. કહ્યું છે કે:-

દોહરો.

કોઈ કરે કોટિ જતન, પણ સ્વભાવ નવ જાય;
બોળે જીભ ચોકાશમાં, પણ ચીકણી નવ થાય. ૪૩

વળી એવું પણ કહ્યું છે કે:—

દોહરો.

ક્રોધી હોય સ્વભાવ તે, કદી શાંત નવ થાય;
ધુવે કાળા વસ્ત્રને, પણ કાળાશ ન જાય. ૪૪

તેટલા માટે માબાપે સમજીને પોતાના અણસમજુ અને નિર્દોષ બાળકોની આગળ કંઇ નઠારી વાત મ્હોંમાંથી કાઢવી નહીં. હમેશાં તેમને સારી સારી વાતો શીખવ્યા કરવી, અંદરખાનેથી તેમના પર પ્રીતિ રાખી તેમનું પોષણ કરવું, ને બહારથી કેટલેક અંશે જરૂર પડે ત્યારે ગંભીરતા રાખી ગુસ્સાના ચિહ્ન બતાવી યોગ્ય શિક્ષા કરવી. જે લોકો આ બાબત ઉપર ધ્યાન નથી આપતા તેઓ પછવાડેથી બહુ દુઃખી થઇ પસ્તાય છે. અને વળી એવું કહ્યું છે કે:—

દોહરો.

કરે અકારજ આપનું, થાય કુમતિ જે વાર;
હાથ ચઢયું હથિયાર તે, મારે પગે ગમાર. ૪૫

આટલી વાત કહીને વિદ્યાગવરી પોતાના ઘરમાં જઇ કામકાજમાં રોકાઇ, અને પેલી છોકરી પોતાના ભાઇને લઇને ઘેર ગઇ. પછી ચંદ્રભાગા આઠેક વરસની થઇ ત્યારે વિદ્યાગવરીએ પોતાના પતિને કહીને તેને કન્યાશાળામાં દાખલ કરાવી. તે સુશીળ છોકરી પોતાના બાપ ભાઇ વગેરે સાથે યોગ્ય અદબથી ચાલતી અને રોજ પોતાની માની રજા લઇને નિશાળમાં જતી. રસ્તામાં મર્યાદા સહિત ધીમે ધીમે ચાલતી, આમ તેમ જોવાનો કદી વિચાર કરતી નહીં ને રસ્તામાં દોડતી નહીં. એવી રીતે નિશાળે જઇ પોતાના શિક્ષક આગળ

હાથ જોડી નમ્રતાથી પ્રણામ કરીને પોતાની હમેશની જગ્યાપર બેસતી. તેના શિક્ષક પાઠ લેવાને તેને બોલાવતા ત્યારે પોતે તૈયાર કરેલા પાઠ એકચિત્તથી સંભળાવતી. આ છોકરીનાં શીલ ને ગુણ જોઇ તેના શિક્ષક ઘણા પ્રસન્ન થતા ને ઘણા ઉત્સાહથી તેને પાઠ સમજાવતા. ચંદ્રભાગા પણ ભણતી વખતે ચિત્રની માફક સ્થિર રહી ચિત્ત લગાડીને પોતાના શિક્ષકની કહેલી વાત ધ્યાન દઇ સાંભળતી અને જરા પણ તેમાંથી મન ખસેડયા વગર સારી રીતે પાઠ સમજી લેતી. ત્યાર પછી પોતાની જગ્યાએ પાછી બેસી જઇ શાંત મનથી તથા ધીરજથી પોતાના પાઠ બરોબર ગોખતા ને એક અક્ષર પણ સમજ્યા વગરનો રહેવાદેતી નહીં. વળી દરેક શબ્દનો ઉચ્ચાર ઘણો શુધ્ધ અને સ્પષ્ટ કરતી. કદાપિ કોઇવાર કંઇપિણ પુછવાની જરૂર પડતી તો પોતાના શિક્ષક શીખવવામાં ગુંથાયા હોય તો તે વેળાએ વચમાં અડચણ કરતી નહીં, પણ તેમને નવરા પડેલા દેખતી ત્યારે ઘણી નમ્રતાથી હાથ જોડી પુછતી અને પોતાના મનની શંકા દૂર કરતી, અથવા પોતાની સાથે શીખનારીઓને પુછી અઘરૂં લાગતુ તે સમજી લેતી. ઘડીએ ઘડીએ પોતાના શિક્ષકને તસ્દી આપતી નહીં. વળી પોતાની સાથેની સઘળી નાનીમોટી છોકરીઓ સાથે હમેશાં પ્રેમ સહિત મધુર વચનથી બોલતી. કોઇપણ વખત કોઇપિણ સાથે ઊંચે સાદે વાત કરતી નહીં. કદાપિ જો કોઈ છોકરી તેનાપર ખરા કે ખોટા કારણથી ગુસ્સે થતી તો નરમાસથી અને મીઠું મીઠું બોલીને તે તેને સમજાવતી અને શાંત કરી દેતી, તે એટલે સુધી કે તેનાપર ગુસ્સે થયેલી છોકરી પોતેજ

પોતાના મનમાં લજવાઈ જતી અને કહેતી કે આ શાણી છોકરીને નાહક મેં કઠોર વચન કહ્યાં. કહ્યું છે કેઃ—

દોહરો.

મધુર વચન સુણીને મટે, આવેલું અભિમાન;
જરા જળે દૂધનું મટે, જયમ ઉભરાતું તાન. ૪૬

વળી એમ પણ કહ્યું છે કેઃ—

દોહરો.

બુદ્ધિમાનને જગતમાં, નથી શત્રુનો ત્રાસ;
વરસાદે પલળે ન જો, છતમાં છત્રી પાસ. ૪૭

જે છોકરીઓ કરતાં ચંદ્રભાગા વધારે શીખી હતી તેઓ જ્યારે એને કંઇ પુછતી ત્યારે ઘણા હેતભાવથી તે તેમને બતાવતી અને સારી રીતે સમજ પાડી તેમનો સંદેહ દૂર કરતી. કોઇ કવિનું વચન છે કેઃ—

દોહરો.

વિદ્યા રૂપી ધનતણું, અતિ આશ્ચર્ય જણાય;
ખરચ્યા વિણ ખૂટી પડે, વધે જેમ વપરાય. ૪૮

જે બાળક પોતે થોડું શીખેલું હોય તે બીજાઓને બતાવતું રહે નહીં તો ઘણું કરીને પાછળનો શીખેલો ભાગ તે ભૂલી જાય છે. જ્યારે ચંદ્રભાગા નવેક વરસની થઇ ત્યારે તેની માતાએ હાથકારીગરીની વિદ્યા એટલે સિવવા, ગુથવા, ભરવા વગેરેનું કામ શીખવવાનું શરૂ કર્યું, કેમકે સ્ત્રીઓનાં કામોમાં એક મુખ્ય કામ સિવવા ભરવાનું છે. જે સ્ત્રી એવું કામ જાણતી નથી તેને ચતુર સ્ત્રીઓમાં માન મળતું નથી. રોજ ભણતા ઉપરાંત ચંદ્રભાગા પોતાની

મા બતાવતી તે પ્રમાણે મન દઈને સિવવા ભરવાનું કામ શીખવા લાગી, અને મહેનત કરીને થોડાજ વખતમાં તે ડાહી કન્યા તે કામ શીખી ગઇ, અને જુદી જુદી તરેહનાં ચિત્રવિચિત્ર બુટ્ટા વગેરે નમૂના કાઢવા લાગી. તે દશ વરસની થઈ ત્યારે ઘરધંધો અને રસોઇપાણીનુ કામ જાણવું જરૂરનું છે એમ સમજી તેની માએ તેને તે શીખવવા માંડયું. આ કામ આવડયા વગર કોઇ પણ સ્ત્રીનો સસાર સારી રીતે ચાલી શકતો નથી, માટે એ પણ જરૂરનું કામ ગણાય છે.

ઘણી ચોકસાઇથી આ કામ પણ ચંદ્રભાગા શીખવા લાગી. ઘરધંધો કરવામાં તે એટલી કાળજી રાખતી કે જે વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં આગળ તે પાછી મુકતી અને જે વસ્તુ જ્યાં રાખવી જોઇએ ત્યાં આગળ રાખતી. કામ થઇ રહ્યા પછી ગમે તે વસ્તુ ગમે ત્યાં રખડતી નાખવી નહીં. એમ કરવાથી હમેશાં શોધવા મુકવાને માટે નકામી મહેનત કર્યા કરવી પડે છે, ને વળી જરૂરને વખતે જોઇતી ચીજ તરત જડતી નથી. બીજી ફેરા જોઇતી વસ્તુ જલદી ન મળી આવવાને લીધે કામમાં ખોટી થવું પડે છે ને કેટલીક વાર નુકસાન થાય છે. તેટલા માટે વસ્તુ જ્યાંથી લેવી તે જગ્યાએજ કામ થઇ રહ્યા પછી પાછી મુકવાની ઘણી કાળજી રાખવી, ને કદી પણ આળસથી ગમે ત્યાં પટકી ન દેવી. સ્ત્રીપુરૂષોએ આળસ દૂર કરવુ જોઇએ, કેમકે આળસ માણસનો મોટો શત્રુ છે. શરીરમાં આળસને પેસવા દેવાથી હાની થાય છે ને લાભ કદી થતો નથી. એવું નીતિ વચન છે કે મ્હોટાઇ મેળવવાની ઇચ્છા

રાખનારા માણસે ઉંઘ, *તંદ્રા, ભય, ક્રોધ, આળસ ને ધીમાપણું એ છ દોષ દૂર કરવા જોઇએ.

કોઈવખત જો ચંદ્રભાગાને કપડાં ઊંચાનીચાં મુકવાનું કામ સોંપવામાં આવતું તો તે દરેક કપડું ખંખેરી ઝાટકી સાફ કરી તેની ઘડી કરતી અને પેટી લુછી કરીને તેમાં દરેક લુગડું ઘણી સાવચેતીથી મુકતી. આ રીતે કપડાં રાખવાથી તે જલદીથી ચોળાઇ જતાં નથી તેમ મેલાં થતાં નથી. લુગડાં મેલાં થયાં હોય ને તેને ધોવાની પુરતી સગવડ હોતી નથી તો તે કઘોણ થઇ જાય છે, અથવા વારે ઘડીએ ધોબીને લુગડાં આપવાં પડે છે તેથી તેનો આવરદા ઘટે છે, ને જલદીથી ફાટી જાય છે; તેટલા માટે આવા કામમાં સ્ત્રીઓએ ઘણી કાળજી રાખવાની જરૂર છે. આ સઘળાં કામો ચંદ્રભાગા સારી રીતે કરવા લાગી ત્યારે તેની માએ તેને રસોઇ કરવાનુ કામ શીખવવાનું શરૂ કીધું; કેમકે જે સ્ત્રી ચોખ્ખાઈ રાખીને સારી જોઇએ તેવી રસોઈ બનાવી શકતી નથી તે ખરેખર ફુવડ ગણાય છે. સારી રસોઈ બનાવવાનું કામ ચંદ્રભાગાએ ઘણો શ્રમ લઇને થોડા દિવસમાં શીખી લીધું;અને તે ઘણી ચોખ્ખાઇથી તથા સુઘડતાથી અનેક પ્રકારનાં પકવાન મીઠાઈ વગેરે બનાવવા લાગી. દરેક વસ્તુ બનાવવામાં ચતુરાઈ અને સુઘડતા વાપરતી અને તે ઘણી સ્વાદિષ્ટ બનાવતી. એની ચતુરાઈ અને હોશિયારી જોઇને એના માબાપનું હૈયું કમળના ફૂલની માફક ફૂલી આવતું હતું. એવું કહ્યું છે કે:—

દોહરો.

કુળના એક સપૂતથી, આખું કુળ વખણાય;
એકજ ચંદન વૃક્ષથી, વન જયમ વાસિત† થાય. ૪૯

---

* ઉંઘને લીધે આળસવાળી સ્થિતિ. † સુગંધીવાળું.

દિવસે દિવસે ચંદ્રભાગા પોતાનાં સઘળાં કામોમાં નિપુણતા અને પ્રવીણતા વધારે વધારે દેખાડતી ગઇ; વિદ્યા મેળવવા તરફ અને તેમાં દિનપ્રતિદિન વધારો કરવા તરફ તે હમેશાં લક્ષ રાખતી. પોતાના પુસ્તકને પોતાની સખી સાહેલી સમાન ગણતી; કદી તે પુસ્તક બગાડતી નહીં, પોતાની સખીઓ સાથે વાતચિત કરવામાં તે ડાવકાઇ બતાવતી. એને હાથે કંઇપણ કામ કઢંગુ થતું નહીં. પોતાનાં માબાપ તથા ભાઇબહેન વગેરે સર્વે કુટુંબનાં માણસોને તે હમેશાં પ્રસન્ન રાખતી; વગર કારણે કોઇ વાત મ્હોં બાર કાઢતી નહીં. મૂર્ખ સ્ત્રીઓની સાથે ઉઠવા બેસવાનું ઓછું રાખતી; કેમકે તેવીની સોબત તેને ગમતી નહોતી. વળી હમેશાં લાજ મર્યાદાથી યોગ્ય રીતે વર્તી સઘળા આડોશીપાડોશીના મનને આનંદ પમાડતી હતી. એક દિવસ તેણે પોતાની મા આગળ હાથ જોડીને ઘણી નમ્રતાથી તથા મધુર વચનથી તેને પુછ્યું કે, હે મા, હું ઘણી સ્ત્રીઓને ગાતીવગાડતી જોઉં છું; અને તમે મને સ્ત્રીઓના બીજા ગુણો તો સઘળા શીખવ્યા પણ ગાવાવગાડવાનું શીખવ્યું નહીં, તો શું એ બાબત શીખવા જોગ નથી? વિદ્યાગવરી ઘણા પ્રેમ સહિત બોલી કે ગાયનવિદ્યા તો શ્રેષ્ઠ છે, એમાં શક નથી, કારણ કે ગાવાબજાવવાથી મનની કળી ખીલે છે અને મનમાં ઘણો આનંદ પેદા થાય છે; પરંતુ ગાવાનું ત્રણ પ્રકારનું છે, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ; ગૃહસ્થની સ્ત્રી ઘણું ખરૂં ત્રણે પ્રકારનાં ગાયન ગાયાં કરે છે, ને વિચાર નથી કરતી કે કેવાં ગીત ગાવાં સારાં છે, અને કેવાં

હાનિકારક છે. એ કારણને લીધે મેં હાલમાં તને ગાયનવિદ્યા શીખવી નથી. ચંદ્રભાગા બોલી કે, માજી, ગાયનના ત્રણે પ્રકાર જાણવાની મને ઘણી ઇચ્છા છે. વિદ્યાગવરી પ્રસન્ન મુખથી બોલી કે, બ્હેન, ધ્યાન દઇને સાંભળ, તે હું સમજાવું છું. ઉત્તમ ગાયન તો એજ કે જેમાં ઇશ્વરના ગુણનું વર્ણન હોય, અને જે ઘણું ખરૂં ધર્મ સંબંધી ક્રિયાઓ વખતે ગવાય છે. આવા ગાયનથી મનુષ્ય આ લોક અને પરલોકમાં યશ અને સુખ મેળવવાને યોગ્ય થાય છે, ને તેથીજ એને ઉત્તમ ગાણું કહે છે, અને સજ્જન નારીઓ ઘણે ભાગે આ પ્રકારનાંજ ગીત ગાય છે. મધ્યમ પ્રકારનું ગાયન એ તેનો બીજો પ્રકાર છે. જે ગીત લોકવ્યવહાર વખતે એટલે જન્મ વિવાહ વગેરે પ્રસંગ ઉપર ગાવામાં આવે છે અને એવા ઉત્સવ તથા વ્યવહારનું જેમાં વર્ણન કરેલું હોય છે તે બીજા પ્રકારમાં આવે છે. આવાં ગીતોથી નથી લાભ કે નથી હાનિ. ફક્ત ઉત્સવ વખતે હર્ષ અને આનંદ દેખાડવાની મતલબથી તે ગાવામાં આવે છે. એવો હેતુ હોવાથી આવું ગાણું મધ્યમ પ્રકારનું ગણાય છે, પરંતુ લોકાચારને લીધે સઘળાંને એવાં ગીત ગાવાં પડે છે, તેથી તેમાં કાંઇ દોષ નથી. ત્રીજા પ્રકારનું ગાયન કનિષ્ઠ કહેવાય છે, કેમકે એમાં ઘણીજ હલકી બાબતનું વર્ણન આવે છે, એટલે ગાળ વગેરે અપશબ્દો તેમાં ઘણા હોય છે. ફટાણાં વગેરે આવાં પ્રકારનાં ગીતો ઘણું ખરૂં નઠારી સ્ત્રીઓ મ્હોડે જોડે છે, અને ઘણી હોંશથી તેજ ગાય છે, તથા તવાં ગીત સાંભળીને તેઓ ઘણી ખુશી થતી જણાય છે; પરંતુ સારી કુળવાન ને સભ્ય સ્ત્રીઓ એવાં ગીતોનો

એક શબ્દ પણ મ્હોડેથી કાઢતી નથી એટલુંજ નહીં, પણ તેવાં સાંભળીને લજ્જા પામે છે. એવાં ગીતોથી મૂર્ખ સ્ત્રીઓનાં મન બગડે છે એ મોટું નુકસાન છે; અને તેમનું મન ચલિત થવાથી તેઓ ઘણા અધર્મ ને અનીતિનાં કામ કરે છે. આવું ઝેર વિદ્યા વગર કોણ જેરવી શકે? કવિનું વચન છે કેઃ—

દોહરો.

રસ અનરસ સમજ્યા વિના, કરે પ્રેમની વાત;
વીંછી મંત્ર જાણે નહીં, સાપ ઉપાડે હાથ. ૫૦

જો કે સઘળી સારી નઠારી સ્ત્રીઓ સારી રીતે જાણે છે કે આવું ગાણું ઘણું ધિક્કારવા જોગ છે, અને એવા નિર્લજ શબ્દો સ્ત્રીઓને મ્હોડેથી નિકળવા જોઇએ નહીંજ, તોપણ મુર્ખ સ્ત્રીઓ નઠારાં ગીતો ગાઇને જેટલા આનંદથી નાચવાકૂદવા લાગે છે, તેટલો આનંદ ઉત્તમ ગીતો ગાઇને તેમને થતો જણાતો નથી. કોઇકિ કવિનું વચન છે કેઃ—

દોહરો.

જે જેના મનમાં ગમે, તેના ગુણ તે ગાય;
ઝેરતણા જમનાર વિખ, અમૃત જાણી ખાય. ૫૧

એમનો સ્વભાવ જ્યારે કુછંદી થઇ જાય છે ત્યારે તેમાંથી તેમને છુટા કરવાનું કામ ઘણું કઠણ થઈ પડે છે. કહ્યું છે કેઃ—

દોહરો.

સુધરે નહીં કુવાણો જો, કરે અનેક ઉપાય;
શિખવે લક્ષણ પણ કદી, કાગ ન કોયલ થાય. ૫૨

ઘણું ખરૂં વિવાહ વગેરે ઉત્સવોમાં સઘળા પ્રકારની સારી નઠારી સ્ત્રીઓ એક જગ્યાએ મળે છે ને ગીતો

ગાવા વગેરેનું કામ ચલાવે છે; પરંતુ તેઓમાં જે મૂર્ખ હોય છે તેજ નઠારાં ગીતો ચિત્ત લગાડી ગાય છે ને સાંભળે છે, અને ધીમેધીમે નઠારી સ્ત્રીઓના ટોળામાં ભરાય છે; પણ જેઓ સદ્‌ગુણી ને બુદ્ધિમાન હોય છે તેઓ નિઠારાં ગીતોપર લક્ષ આપતી નથી, પણ કોઇ બીજી સારી વાતોમાંજ પોતાનું મન લગાડી દે છે; તેવાં કારણથા તેમની બુદ્ધિમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી. કવિનું વચન છે કેઃ—

દોહરો.

સહજ શીલ ગુણ સુજનનો, ખલમતિ કરે ન ભંગ;
રત્ન દીપ બુઝાય નહિ, પામી પવન પ્રસંગ. ૫૩

વળી એવું પણ કહ્યું છે કેઃ—

દોહરો.

*તુલસી ઉત્તમ પ્રકૃતિકો કહા કર સકત કુસંગ ।
ચંદન વિષ વ્યાપે નહીં લિપટે રહત ભુજંગ ॥ ૫૪

આટલી વાત સાંભળીને વિદ્યાગવરી બોલી કે, હે પુત્રી, ગાયનવિદ્યાના ત્રણ પ્રકાર મેં તને સંભળાવ્યા, હવે જે ઇચ્છા હોય તે કહે. ચંદ્રભાગાએ નમ્રતાથી અને મધુર વચનથી જવાબ આપ્યો કે, માતાજી, ગાયનના ત્રણ પ્રકાર હું સારી રીતે સમજી, જે ઉપરથી મારા જાણવામાં એટલું તો આવ્યું કે જેમ દૂધ ને પાણી એકઠાં થયાં હોય છે તેમ આ વિદ્યામાં ગુણ અને અવગુણ બન્ને એકઠા મળી ગયા છે. જે સ્ત્રીઓએ બાલ્યાવસ્થાથીજ વિદ્યાભ્યાસ કરી

---

*તુલસી શુદ્ધ સ્વભાવને. શું કરી શકે કુસંગ;
ચંદન વિષ વ્યાપે નહીં, વળગી રહે ભુજંગ †

† સાપ.

મનને રાજહંસ જેવું બનાવ્યું હોય છે તે તો પાણીરૂપી અવગુણને છોડી દઈ દૂધરૂપી ગુણ ગ્રહણ કરે છે; અને જે સ્ત્રીઓએ વિદ્યારૂપી દીવાથી પોતાના હૃદયરૂપી ઘરમાં અજવાળું કીધું નથી હોતું તેમણે પોતાના મનને એવું બનાવ્યું હોય છે કે જુવારના રાડાના ગરની માફક દૂધરૂપી ગુણને છોડી દઈ જળરૂપી અવગુણ તેઓ જરૂર ગ્રહણ કરે છે. (જુવારના રાડાના ગરમાં એવો ગુણ હોય છે કે જો તેને દૂધવાળા પાણીમાં નાખીએ તો દૂધને મુકી તે પાણીને ચુસી લે છે). કોઇ કવિનું વચન છે કેઃ–

દોહરો.

હરિરસ તજી ધરોં વિષયરસ, સુખમાને અજ્ઞાન;
અમૃત તજીને જ્યમ કરે, કોઈ મૂર્ખ વિખપાન. ૫૫

વળી એમ પણ કહ્યું છે કેઃ–

દોહરો.

જેના મનમાં જે ગમ્યું, તેને તેનું કામ;
આક* તણા કીડા તણું, આંબામાં નહિ ઠામ. ૫૬

ચંદ્રભાગાનાં આવાં બુધ્ધિવાળાં વચન સાંભળી વિદ્યાગવરી ઘણી પ્રસન્ન થઇ અને મનમાં વિચાર કરવા લાગી કે એના હૃદયરૂપી ઘરમાં વિદ્યારૂપી દીવાએ સારી રીતે પ્રકાશ કીધેલો જણાય છે. કોઇ કવિનું વચન છે કેઃ–

દોહરો.

માતપિતાનો હોય સહુ, સુતપર સરખો પ્યાર;
સપૂતથી શાંતિ લહે, કપૂતથી દુઃખ અપાર. ૫૭

---

* આકડો.

તે ઉપરથી વિદ્યાગવરીએ વિચાર કીધો કે આ પુત્રી ગાયનવિદ્યા શીખવાને યોગ્ય થઇ છે, એના મનમાં કોઇપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થવાનો સંભવ જણાતો નથી. ઘણું ખરૂં લગ્ન વગેરે પ્રસંગોમાં સ્ત્રીઓને ગાવાકરવાનાં કામની જરૂર પડે છે તેથી ચંદ્રભાગાને પણ એ વિદ્યા શીખવવી યોગ્ય છે, એવો વિચાર મનમાં લાવી પોતાની પુત્રીને ઉત્તમ અને મધ્યમ એવાં બે પ્રકારનાં ગીત તેણે સારી રીતે શીખવ્યાં, અને કહ્યું કે, બેહેન કનિષ્ઠ ગાયનમાં કદી પણ મન લગાડતી નહીં.

થોડા દિવસ મહેનત કરવાથી ચંદ્રભાગા પાકશાસ્ત્રમાં (રાંધવાસિધવાના કામમાં) હોશિયાર થઇ, અને બાર વ-રસની ઉમર થતાં સુધીમાં સ્ત્રીના દરેક ધર્મ જાણી ઘણી કુશળ બની. ઉત્તમ સ્ત્રીઓમાં જે જે ગુણ હોવા જોઇએ તે સઘળા ગુણ ચંદ્રભાગામાં આવ્યા. તેની ધીરજ અને ગંભીરતાની વાતો સાંભળી ગામનાં બધાં સ્ત્રીપુરૂષો તેનાં ઘણાં વખાણ કરવા લાગ્યાં. આવી ગુણવાન અને સુશીલ કન્યા જેને ઘેર જન્મી એવી વિદ્યાગવરીના ઘરને ધન્ય છે એવું સઘળાં કહેતાં. એ કન્યાની કીર્ત્તિ આખા શેહેરમાં ફેલાઇ રહી, ને જયાં ત્યાં એની ખુબીની વાતો સંભળાતી હતી. એક દિવસ વિદ્યાગવરીની ફુલકોર નામની પાડોસણ પોતાની દિકરી કુબુદ્ધિબાઇને લઇને વિદ્યાગવરીને ઘેર આવી અને કહેવા લાગી કે, વિદ્યાગવરી તમે, ઘણાં ભાગ્યશાળી છો ને તમારૂં પુણ્ય વખાણવા યોગ્ય છે. તમારે પેટે આવી ઘણી બુદ્ધિમાન, ગુણવાન અને સુશીલ ચંદ્ર-ભાગા જેવી પુત્રી પેદા થઇ છે, તે ગામેગામ તમારી કીર્ત્તિ

ફેલાવશે, અને પોતાના પિહેરનું તથા સાસરાનું એ બન્ને કૂળને તે શોભાવશે. જો પરમેશ્વર દિકરી આપે તો તમારી ચંદ્રભાગાના જેવીજ આપજો, ને મારી કુબુદ્ધિબાઈ જેવી છોકરી કોઇને ન આપશો; એવી છોકરી હોવા કરતાં વાંઝીઆં રહેવું હું વધારે સારૂં સમજું છુ. મારે પેટે આવી દુઃખદાયી કન્યા પેદા થઈ છે તેથી હું ઘણી અભાગણી છું; જગતમાં એ મારી અપકીર્ત્તિ કરાવશે. હું એને લીધે ઘણી દુઃખી છું. રાતદહાડો ઘરમાં કલેશકંકાસ મચાવ્યા રહે છે, અને હમેશાં નઠારી છોકરીઓની સોબતમાં રમ્યા ને કૂદ્યા કરે છે. મારૂં કહ્યું તો કાંઈ ગણકારતીજ નથી, ને પોતાનું સુઝ્યું કામ કર્યા કરે છે. ઘરનો કામધંધો કરવામાં તો મનજ નથી લગાડતી આખો દહાડો નકામો બકવાદ કરીને મારૂં માથું પકવી નાખે છે, અને નઠારાં નઠારાં ગીત ગાયાં કરે છે. ગામનાં બધાં લોક એની વાતો કરે છે ને એને લીધે મને વગોવે છે. એને જોઇને હું તો ઘણી લજવાઈ મરૂં છું. એને લીધે મારે રોજ મ્હેણાંટોણાં સાંભળવાં પડે છે. એ નઠોર છોકરીને હું ઘણી ઘણી રીતે સમજાવીને થાકી પણ મારા કહેવા બોલવા ઉપર એ કંઈ ધ્યાનજ આપતી નથી. હવે મારે શું કરવું તે સુઝતું નથી, મારો જીવ તો જેવો બળીને રાખ થઇ જાય છે. આ બધી વાત સાંભળી વિદ્યાગવરી બોલી, અરે બેહન, તમે કહો છો ખરાં, પણ આ છોકરીનો કંઈ પણ દોષ હોય એવું મને જણાતું નથી; એમાં સઘળો દોષ તમારોજ છે. જો તમે એને બાળપણથી વિદ્યાભ્યાસ કરાવ્યો હોત અને એનો સ્વભાવ સુધારવા પાછળ મંડયાં

હોત તો આ દશાએ તમે શેનાં પહોંચત? હવે તો એનો સ્વભાવ બગડી ગયો છે માટે તેનો ઉપાય ઘણો કઠણ છે. ખરે બ્હેન, તમે પેહેલાંથીજ એનો સ્વભાવ સુધારવાનો ઉપાય ન કીધો એ સારૂં કર્યું નહીં; તમને તો આ પ્રમાણે ફક્ત મનમાં લાગશે એટલુંજ, પણ એ બિચારીનો તો આખો જન્મારો જેવો નકામો ગયો એવું સંભવે છે. પોતાનાં બાળકને શીખવવા ઉપર માબાપ જો તનમનથી ધ્યાન આપે અને પછી પણ તેનો સ્વભાવ બગડી જાય તોપણ એટલું નક્કી જાણવું કે માબાપના થોડા ઘણા પણ આળસને લીધેજ એવી દશાએ તેઓ પહોંચે છે. હવે પછવાડેથી પસ્તાવો કરવાથી શું વળે છે; ખરો વખત તમે ખોયો છે. કોઇ કવિનું વચન છે કેઃ—

દોહરો.

આવરદા ઓછું રહ્યું, પ્રભુથી કર્યો ન પ્રેમ;
ખાઇ ગયા તીંડ ખેતરો, પછી પસ્તાવું કેમ? ૫૮

પરંતુ હજીપણ, બ્હેન, તમારી દિકરીનો જન્મારો સુધારવાને માટે જો તમારાથી કંઇ યત્ન થઇ શકે તો તે કરવો ઘટારત છે. થોડો ઘણો પણ તે ફળદાયક થશે, કેમકે કોઇની પણ કરેલી મેહેનત બરબાદ જતી નથી. વિદ્યાગવરીએ ફુલકોરને આ પ્રમાણે દિલાસો આપીને વિદાય કરી. આટલી કથા બાલ્યાવસ્થાની ચંદ્રશંકરે પોતાની પુત્રી રત્નગવરીને સંભળાવીને કહ્યું કે, જે છોકરી બાળપણમાં વિદ્યા શીખવામાં મન લગાડશે તે ચંદ્રભાગાની માફક આ લોક તથા પરલોકમાં પોતાની કીર્ત્તિ વધારશે અને અનેક પ્રકારનું સુખ ભોગવશે; અને જે છોકરી ભણવા લખવામાં ચિત્ત લગાડશે નહીં તે

કુબુદ્ધિબાઇની માફક સંસારમાં પોતાની તથા પોતાનાં મા-બાપની નિન્દા કરાવશે અને અનેક પ્રકારનું દુ:ખ ભોગવશે.

આ પ્રમાણે બાલ્યાવસ્થાની સંપૂર્ણ કથા સુલક્ષણા શેઠાણીએ ધરમદાશ શેઠને કહી સંભળાવી.

બીજો અધ્યાય સમાપ્ત.

ત્રીજો અધ્યાય.

યુવાવસ્થાનો પ્રારંભ.

ધરમદાસ શેઠે પોતાની સ્ત્રી સુલક્ષણાને કહ્યું કે, બાલ્યાવસ્થાની હકીકત સાંભળી મારૂં મન ઘણું પ્રસન્ન થયું છે; હવે યુવાવસ્થાનું વર્ણન સાંભળવાની મારી ઇચ્છા છે. સુલક્ષણા શેઠાણી પ્રસન્ન ચિત્તથી બોલી, પ્રાણનાથ, જ્યારે ચંદ્રશંકર પણ્ડિત પોતાની પુત્રી રત્નગવરીને બાલ્યાવસ્થાની કથા સારી રીતે શીખવી રહ્યા ત્યારે યુવાવસ્થાની કથા શરૂ કીધી. એનું પેહેલું વાક્ય આ છેઃ-

દોહરા.

યૌવન ધન લાવણ્યતા, પામી નમ્ર જે થાય;
સ્તુતિ તેની સર્વે કરે, જગમાં સુજશ ગવાય. ૫૯
ભણ્યા વિના વિદ્યા ભલી, આ ગુણ આવે કેમ;
તેથી મહેનતથી ભણો, તન મન દૈ ધરો પ્રેમ. ૬૦

ચંદ્રશંકર પણ્ડિત બોલ્યા કે જે છોકરી ડાહીગવરીની માફક પોતાના સાસરામાં વર્ત્તે છે તે પોતાના બાપનું ને સસરાનું બન્ને કૂળનું ભૂષણ થાયછે. રત્નગવરી બોલી એ શી રીતે? ચંદ્રશંકર બોલ્યા કે સાંભળ તે વાત કહું છું.

મુંબઇ શેહેરમાં એક ચંપકલાલ નામનો ઘણો ગુણવાન કાયસ્થ રહેતો હતો, તેને ડાહીગવરી નામની ઘણી રૂપવાન અને ગુણવાન ધર્મપત્ની હતી. આ ચતુર સ્ત્રી બાલ્યાવસ્થામાં પોતાના માબાપને ઘેર ઘણી સારી રીતે વિદ્યા શીખી હતી તેથી તેના હૃદયમાં વિદ્યારૂપી દીવાનો પ્રકાશ

થઇ રહ્યો હતો. સારી નરસી સઘળી વાતની તેની સમજ પાકી હતી, અને તે પોતાના મળતાવડા સ્વભાવથી તથા ઠાવકાઇથી ઘરનાં સઘળાં માણસનાં મન હમેશાં ખુશ રાખતી હતી. એવું કહ્યું છે કે:–

દોહરા.

કોયલ નવ દે કોઈને, હરે ન કોનું કાગ;
મીઠાં વચન સુણાવીને, લે સહુનો અનુરાગ.* ૬૧

ડાહીગવરી પોતાનાં સાસુસસરા, જેઠજેઠાણી વગેરે વડીલોને આદરમાનથી બોલાવતી ને તેમની મર્યાદા કદી લોપતી નહીં; અને દિયર દેરાણી નણન્દ વગેરે તેનાથી નાની વયના કુટુંબી ઉપર દયા ભાવ રાખતી, તથા અનેક પ્રકારના કથાપ્રસંગો સંભળાવી અને દાખલાઓ આપી તેમને સારી શીખામણ આપતી. તે ચતુર સ્ત્રી સવારમાં સઘળાંથી પહેલી ઉઠતી અને દરેક કામ પોતાની સાસુની મરજી મુજબ ઠાવકાઇથી અને ચેવટ રાખી કરતી. કોઇપણ કામ કદી ઉતાવળ કરીને બગાડતી નહીં. બુદ્ધિમાનનું વચન છે કે હરેક કામ ઘણી ધીરજ રાખી સાવધાનીથી ગભરાયા વગર કરવું જોઇએ; કોઇપણ કામમાં ઉતાવળ કરવી તે સારૂં નથી, કેમકે ઉતાવળ કરવાથી ઘણું ખરૂં કામ બગડી જાય છે. કહેવત છે કે 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.' તે સુશીલ તથા ચંચળ સ્ત્રી કામ કરવામાં કદી આળસ રાખતી નહીં, જે કામ તેને સોંપવામાં આવતું તે ઉમંગથી અને આનંદથી કરતી; કદીપણ મૂર્ખ સ્ત્રીઓની

---

* પ્રીતિ.

માફક મ્હોડું ચઢાવતી નહીં. ઘણું ખરૂં મૂર્ખ સ્ત્રીઓનો સ્વભાવ હોય છે કે જો કદાપિ કંઈ કામ તેને કરવું પડે છે તો મ્હોડું ચઢાવી તે કામ કરતાં પોતાનો ગુસ્સો ગમે તેમ બતલાવે છે, અને મ્હોડેથી કંઇ કંઈ બબડતી જાય છે. સ્ત્રીઓનો આવો સ્વભાવ ઘણો વખોડવા લાયક છે. તેમ વિદ્યા શીખેલી ન હોવાને લીધે તેવો સ્વભાવ તેઓ બદલી શકતી નથી, અને તેથી હમેશાં આવી નડારી દશામાં ફસેલી ને ફસેલી રહે છે. ડાહીગવરી ગમે તેવું હોય તોપણ પોતાનું મન ખુશ રાખતી હતી. તેનું મ્હોડું જ્યારે જોઇએ ત્યારે હસતું જણાતું. કોઇપણ વેળા તે ઉદાસ જણાતી નહીં. કદાચિત્ કોઇ પુરૂષ કે સ્ત્રી ગેરસમજથી તે સુલક્ષણાપર ગુસ્સે થતી તોપણ તે પોતાના મુખકમળપર જરાએ ઉ-દાસીનું ચિન્હ દેખાડતી નહીં, પણ ઉલટું પોતાની ગંભી-રતા તથા ડહાપણથી તેમની ગેરસમજ દૂર કરી એવી રીતે તેમને શાંત પાડતી કે તેઓ પોતાના મનમાં શરમાઇ જતાં, અને પસ્તાવો કરીને કહેતાં કે અમે નકામાં આ ડાહીગ-વરીને કઠોર વચન કહ્યાં. કવિનુ વચન છે કેઃ—

દોહરો.

સમજ્યા વિણ જે નર ધરે, હૃદય વિષે અતિ રોષ;
પાછળથી પસ્તાય તે, લાજે દેખી દોષ. ૬૨

જો કોઇવાર ડાહીગવરીને તેની સાસુ રસોઇ કરવાનુ કહેતી તો તે ચતુર સ્ત્રી ઘણી સ્વચ્છતા તથા ચોખ્ખાઇથી રસોઇ કરતી અને અનેક તરેહનાં પકવાન વગેરે સ્વાદિષ્ટ પદાર્થો બનાવી ઘરનાં સઘળાં સ્ત્રીપુરૂષોને ઘણા પ્રેમભા-વથી તે જમાડતી. વળી પોતાના કામમાંથી પરવારતી ત્યારે

પોતાની સાસુ નણન્દ વગેરેને કામ કરવા લાગતી, અને કોઇનું માથું ગુંથતી, તો કોઈનો ચોટલો હોળી જુ વગેરે કાઢતી, અથવા કાંચળી ચોળીઓ સિવવાનું કે ભરવાનું કંઇ કામ લઇ બેસતી; પોતાની પાસે બેસનારીઓને સારી શીખામણની અને ખુશી કરે તેવી વાતો સંભળાવી તેમને પ્રસન્ન કરતી ને આનન્દ આપતી; કદી પણ મૂર્ખ સ્ત્રીની માફક તે વર્તતી નહીં. મૂર્ખ અને કર્કશા સ્ત્રીઓ પોતાના કામધંધામાંથી પરવારે છે ત્યારે ઘણે ભાગે પથારી નાખીને સુઇ રહે છે અથવા આખા ગામની કુથલી કરે છે, કે ગમે તે કોઇ બે જણને એવી ભમાવી મારે છે કે માંહોમાંહે લડાઇના તોફાન ઉઠે છે ને ઝગડા મચે છે. એવી મૂર્ખ સ્ત્રીઓનો વાતો સાંભળી કોઈ રાજી થતું નથી. કોઇ કવિનું વચન છે કે:-

દોહરો.

કાવ્ય શાસ્ત્ર આનંદમાં, ડાહ્યાના દિન જાય;
*નિદ્રા ક્લેશથી મૂર્ખનો, જનમ પૂરો ઝટ થાય. ૬૩

રાતે સઘળો કામધંધો એટલે ઢાંકવાઢુમવાનું કરીને ઘરનાં માણસ સુઇ ગયા પછી પોતાના સ્વામીની સેવામાં તે હાજર થતા, અને અનેક પ્રકારની મનોરંજક વાતો કરી પોતાના પતિને આનંદ પમાડતી તથા સુખ આપતી. વાતો કરતાં ઘણી રાત જતી તો ડાહીગવરી કોઇક વખતે પોતાના સ્વામીને નરમાસથી કહેતી કે, સ્વામીનાથ ઉંઘવાનો વખત થયો છે માટે હવે સુવું જોઇએ; બહુ જાગવાથી શરીર બગડે છે; અને એવું કહ્યું છે કે:-

* ઉંઘ.

દોહરો.

રાતે વહેલા સુઇને, વહેલા ઉઠે જેહ;
વિદ્યા ધન પામે અને, રહે નિરોગી તેહ. ૬૪

આમ કહીને ઉંઘતી અને દરરોજ બધાથી પહેલી ઉઠી ઘરના કામકાજમાં ગુંથાતી. ચંપકલાલ પોતાની સ્ત્રીની બુદ્ધિ અને ચતુરાઈ જોઇને ઘણો આનંદ પામતો અને પોતાના સારા ભાગ્ય માટે ઇશ્વરનો ઉપકાર માનતો. ખરેખર જેની સ્ત્રી મધુર બોલનારી અને સુશીલ હોય છે તે માણસ ઘણો ભાગ્યશાળી ગણાય છે. એક દિવસ એવું બન્યું કે ડાહીગવરી પોતાની સાસુના પગ દાબવા બેઠી, એટલે સાસુએ કહ્યું કે, અલી વહુ, ઘરના કામકાજથી તને થાક લાગ્યો હશે માટે જરા આરામ લે; મારા પગ દાબવાની કંઈ બહુ જરૂર નથી. ડાહીગવરી બોલી, વાહ સાસુજી, એવું શું બોલો છો? મારૂં ધન્ય ભાગ્ય છે કે મને આપની સેવા કરવાનું મળે છે. સાસુ બોલી, વહુ, તારૂ હૃદય વિદ્યારૂપી શણગારથી શોભાયમાન થયેલું છે તેથી કરીને સઘળી સારી નરસી વાતોને પણ તું રૂડી સમજે છે. પરંતુ જે સ્ત્રી પોતાના હૃદયરૂપી ઘરમાં વિદ્યારૂપી અજવાળું નથી કરતી તે તો મૂર્ખતાને લીધે ઘણી અભિમાની થઇ જાય છે, અને પોતાનાં સાસુસસરાને સુખ આપવાને બદલે અનેક પ્રકારે દુઃખ દે છે, એટલુંજ નહીં પણ પોતાના ધણીને ઊંધુંચતું સમજાવીને જુદું ઘર મંડાવે છે. આ વાત સાંભળી ડાહીગવરી બોલી કે, પૂજ્ય સાસુજી, તમારી વાત ખરી છે. મેં પણ ઘણી જગ્યાએ એવું જોયું છે, પરંતુ જે પોતાના હિતકારી સાસુસસરાને દુઃખ દેવાની

ઇચ્છા રાખે છે તે કંકુડી નામની ભીલડીની માફક ઘણી દુઃખી થાય છે. સાસુએ પુછ્યું કે, એ શી રીતે? ડાહીગવરી બોલી, તેની વાત સાંભળો હું કહું છું.

ઉદેપુરમાં જગલો નામનો એક ભીલ રહેતો હતો. તેને કંકુડી નામની ઘણી મૂર્ખ અને દુષ્ટ સ્ત્રી હતી. તે ભીલનાં માબાપ ઘણાં ઘરડાં થઇ ગયાં હતાં. તે પોતાનાં વૃદ્ધ માબાપની સારી રીતે સેવા કરતો હતો. પણ તેની સ્ત્રી કંકુડી દુષ્ટ સ્વભાવને લીધે પોતાનાં ઘરડાં સાસુસસરાને ગણકારતી નહીં, અને કઠોર વચન સંભળાવી સંભળાવી તેમને રોજ સંતાપ્યા કરતી. પોતાના ધણીને તથા છોકરાને સારૂં સારૂં ખવડાવતી અને પોતે પણ તેવું ખાતી, પરંતુ પોતાનાં સાસુસસરા, જેમનાં શરીર ઘડપણને લીધે ઘણાં ઘસાઇ ગયાં હતાં, તેમને લુખોપાખો રોટલાનો કકડો ખાવા આપતી. તેઓ બિચારાં દાંત ન હોવાથી સુકો રોટલો બરોબર ચાવી શકતાં નહોતાં, તેથી ભુખને લીધે ઘણું દુઃખ પામતાં હતાં, અને ઇશ્વર પાસે રાતદિવસ મોત માગતાં હતાં. પેલી કંકુડીએ પોતાના સ્વામીના મનમાં પણ એવું ભેરવી મુક્યું કે તે પણ પોતાના માબાપની પછીથી કંઇ ખબરઅંતર પુછતો નહીં. એક દિવસ લાગ મળવાથી તેની માએ તેને બોલાવીને કહ્યું કે, ભાઈ જગલા, હવે તો મારૂં મોત પાસે આવી ચુકયું છે. પણ તને બે વાત કહેવાની મારી ઇચ્છા છે તે તું સાંભળે તો કહું. આવાં દીન વચન સાંભળી જગલાના મનમાં દયા ઉત્પન્ન થઇ અને તે બોલ્યો .કે, માવડી, જે કહેવું હોય તે કહે, હું ધ્યાન દઇને સાંભળીશ. તે બોલી,

બેટા, મારા ઘડપણમાં મને સુખ મળશે એવો વિચાર કરી અનેક પ્રકારનાં દુઃખ સહન કરી તને પાળી પોષી મેં મોટો કર્યો. નવ મહિના તને મેં પેટમાં રાખ્યો; દરિદ્ર અવસ્થાને લીધે મારી પાસે એક ગોદડી સિવાય બીજાં કંઇ કપડાં બિછાનાં હતાં નહીં. તું ગોદડીમાં અઘતો કે મુતરતો ત્યારે હું ભીનામાં સુતી ને તને ચેન પડે માટે કોરામાં સુવાડતી. કોઇ કોઇ વાર આખી ગોદડી ભીની થઇ જતી તો તને હું મારી છાતીપર રાખી ઉઘાડતી. તું ખાતોપીતો થયો ત્યારે પેહેલાં તને ખવડાવતી ને પછી હું ખાતી, ને કોઇ વાર ભુખી પણ રહી જતી, પરંતુ તને ભુખ્યો રાખતી નહીં. તે તું હાલમાં એવો નિર્દય થઇ ગયો છે કે તારી બૈરીનું કહ્યું માની, મારાપર પડતી પીડાનું ભાન સરખું રાખતો નથી. આ વાત સાંભળી જગલાની છાતી ભરાઈ આવી અને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પછી તેણે પોતાની માતાને કહ્યું કે, દુષ્ટ કંકુડી તમને આટલું દુઃખ દે છે એવું હું જાણતો નહોતો. હવે હું પોતે તમારી સેવામાં હાજર રહીશ. એમ કહીને કંકુડીની પાસે જઇને બોલ્યો કે, અરે અભાગણી, શરીર ઉપર જેટલી રુઆંટી છે, તેટલાં વર્ષ સુધી માબાપની ચાકરી કરવાથી પણ પુત્રનો ઉદ્ધાર થતો નથી, તો તેં તો મારાં માબાપને ઘણું દુઃખ દીધું છે; હું તારૂં મ્હોં હવે કદી જોનાર નથી, જા તારૂં કાળું કર. આટલું બોલી પોતાનાં માબાપની પાસે આવી તન મન અને ધનવડે તેમની ઘણી સારી ચાકરી કરવા લાગ્યો. કંકુડી પણ પોતાના નઠોર સ્વભાવને લીધે ગુસ્સો લાવી પોતાના છોકરાને લઈ જુદી રહી. કેટલાક દિવસ વિત્યા

પછી કંકુડીએ પોતાના છોકરાને પરણાવ્યો, અને કર્કશા નામની વહુને તે ઘેર લાવી. જેવું તે વહુનું નામ હતું, તેવાજ તેનામાં ગુણ હતા. તે કર્કશાબાઈ મોટી થઈ એટલે પોતાની સાસુને ઘણું દુઃખ દેવા લાગી. તે આખરે લડીવઢી પોતાના ધણીને લઈને જુદું ઘર માંડી બેઠી. આથી કંકુડી પોતાના પતિ તેમજ પુત્ર બંનેથી છુટી પડી, તેથી તે બહુ ગભરાવાલાગી, અને ભીખ માંગી પેટ ભરવાનો વખત આવેલો જોઈ પોતાની સાસુ પાસે ગઈ, અને તેમને પગે પડી પોતાના છોકરા તથા વહુની સઘળી હકીગત કહી સંભળાવી. તેની સાસુ બધું સાંભળીને બોલી કે, હે પાપણી, અમારો છોકરો નહોતો જાણતો તેવી રીતે તેં અમને બંનેને દુઃખ દેવામાં બાકી રાખ્યું નથી; જેવું દુઃખ તેં અમને દીધું છે તેવુંજ તું પણ ભોગવશે. કહ્યું છે કેઃ—

દોહરો.

ઈચ્છે સુખ ભુંડાઇથી, તે ક્યાંથી મળનાર;
આક* તણાં બી વાવતાં, આંબો નથી થનાર. ૬૫

વળી એમ પણ કહ્યું છે કેઃ—

દોહરો.

ઇચ્છે ભુંડું અવરનું†, તેનું ભુંડું થનાર;
અન્ય કાજ ખાડો‡ ખણે, તેમાં તે પડનાર. ૬૬

આ પ્રમાણે જ્યારે સાસુએ તેને મર્મનાં વચન કહ્યાં ત્યારે કંકુડી ઘણું પસ્તાવા લાગી અને મનમાં બોલી કે, સાસુસસરાને મેં દુઃખ દીધું તે સારૂં કીધું નહીં; હવે તો કર્યાં કર્મનાં ફળ ભોગવવા પડવાનાં. આવો વિચાર

* આકડો. † બીજાનું. ‡ ખોદે.

મનમાં લાવી તે ઘણી દુઃખી થઇ. તેટલા માટે કહું છું કે જે પોતાનાં સાસુસસરાને દુઃખ દે છે તે કંકુડી ભીલડીની માફક દુઃખ પામે છે. ડાહીગવરીની સાસુએ જવાબ દીધો કે, એ વાત બરાબર છે. તારી બુદ્ધિ અને ગુણ જોઇને હું ઘણીજ પ્રસન્ન થઇ છું. ઇશ્વર તારૂં ભાગ્ય દિનપ્રતિદિન મોટું કરે ને તારો પરિવાર ઘણો વધારી પુત્રપૌત્રનું સુખ તને દેખાડે. પછી ડાહીગવરી પોતાની સાસુની આજ્ઞા લઇને ઘરધંધામાં રોકાઈ. કેટલાક દિવસ વિત્યા પછી ડાહીગવરીને એક છોકરો થયો. તેનું નામ સુખલાલ પાડ્યું. તે પુત્રના બાળપણથીજ તે ચતુર સ્ત્રીએ તેનો સ્વભાવ સારો કરવાનો યત્ન કીધો. નિત્ય તેને સવારમાં વહેલો ઉઠાડતી. તે હમેશાં સ્વચ્છ રહે તે વાતપર ધ્યાન આપતી. કદી પણ તેનું શરીર મેલું થવા દેતી નહીં. સવારથીજ તેનાં હાથ મ્હોં ધોઇ કપડાં પહેરાવી રાખતી અને રમતમાં ને રમતમાં કક્કાના અક્ષર તેને બતાવ્યા કરતી, અને તેને શીખવવા ઉપર વિશેષ ધ્યાન રાખતી. આ પ્રમાણે શીખવવાથી બાળકના મગજપર કંઇ બોજો પડતો નથી; ને મહેનત કરવી પડે છે એવું તેને લાગતું પણ નથી. દરરોજ તે તેને ન્હવડાવતી અને કદી પણ મેલાં કપડાં પહેરાવતી નહીં. તે સમજતી હતી કે મેલાં કપડાં પહેરવાથી બાળકના શરીરમાં વિકાર થાય છે; કેમકે બાળકના શરીર ઉપરનાં છિદ્રોમાંથી જે પરસેવો નિકળ્યા કરે છે તે મેલને લીધે બહાર નિકળતો અટકી જવાથી અનેક રોગ ઉત્પન્ન કરે છે ને તેથી બાળક ઘણું દુઃખી થાય છે. તેટલા માટે એટલું તો જરૂરનું છે કે જે સ્ત્રી પોતાના બાળકને નિરોગી

રાખવા ઇચ્છતી હોય તેણે તેની સ્વચ્છતા અને નિર્મલતા ઉપર હમેશાં ધ્યાન આપવું. વળી ડાહીગવરી ભારે, ન પચે તેવા પદાર્થ ખાતી નહીં, તથા જે જે વસ્તુઓ ખાધાથી ધાવણાં છોકરાં હેરાન થાય છે તેથી દૂર રહેતી. ડાહીગવરીનો આ સુખલાલ પુત્ર જે ખરેખર સુખરૂપજ હતો તે રડવું રીસાવું તે શું તેનાં નામ પણ નહોતો જાણતો. તેનું મ્હોં હમેશાં હસતું જણાતું અને આખો દહાડો આનંદી દેખાતો. કહ્યું પણ છે કેઃ—

દોહરો.

જણાય શુભ લક્ષણવડે, કુળ સપૂત સર્વત્ર;
ઊછરનારા છોડનાં, થાય પ્રફુલ્લિત પત્ર. ૬૭

બાળકને રડતાં રીસાતાં જોઇને તેનાં માબાપના જીવને ઘણો ક્લેશ થાય છે, તેટલા માટે બાળકનો સ્વભાવ તેવો થાય નહીં તે પર માતાઓએ પહેલાંથીજ લક્ષ આપવું. એક દિવસ ઉનાળામાં ડાહીગવરી પોતાના છોકરાને ખોળામાં લઈ પતિની પાસે બેસીને પંખાવડે તેને વા નાખતી હતી. અચાનક તેની જેઠાણી ત્યાં થઇને ગઇ. બંનેની આંખો સામસામી મળતાં ડાહીગવરી શરમાઇને પોતાના ધણી પાસેથી ઉઠી અને જ્યાં ઘરનાં બીજાં બૈરાં બેઠાં હતાં ત્યાં ગઇ. તેને જોઇને તેની જેઠાણી હસીને બોલી કે, કેમ ઉઠી આવ્યાં? જાઓ જાઓ, તમારા સ્વામીનાથને વા નાખી પ્રેમની જાળમાં તેને ફસાવો. ડાહીગવરી જરાક ચીઢવાઇને બોલી કે, ભાભીજી, એમ કેમ તમે બોલો છો? જે સ્ત્રી પોતાના પતિ માટે પ્રેમ નથી બતાવતી તે દુર્ગન્ધા બગલીની માફક લજવાઈ મરે છે. જેઠાણીએ પુછયું કે, એ

શી રીતે? તેણે જવાબ આપ્યો કે, તમે તો સઘળું જાણો છો, પણ આપણાં નણન્દ દેરાણી વગેરેને સંભળાવવાને તે વાત કહું છું.

મદનસાગરના તીર ઉપર એક દુર્ગન્ધા નામની બગલી રહેતી હતી. તે પોતાના રૂપ અને જુવાનીના તોરમાં પતિની સેવા કરવા તરફ મન રાખતી નહોતી. એક દિવસ તે ઉડતી ઉડતી કર્પૂરસરોવરની પાળ આગળ જઇ પહોંચી. ત્યાં એક પતિવલ્લભા નામની હંસીને જોઇને તેની પાસે ગઇ. તેનો પતિ પરદેશ ગયો હતો તેથી તે હંસી ઉદાસ થઇને ત્યાં બેઠી હતી. બગલીએ પુછયું કે, હે બહેન, તું ઉદાસ કેમ દેખાય છે? હંસીએ કહ્યું કે, મારા પ્રાણપતિ આજે પોતાની બહેનને મળવા સારૂ માનસરોવર આગળ ગયા છે, તેમના વગર મને સઘળું સૂનું સૂનું લાગે છે. પારકે ઘેર કેવા સુખદુ:ખમાં તેમનો આજનો દહાડો ગયો હશે, અને તેમને ખાવાપીવાનું કેવું મળ્યું હશે, એ હું જાણી શકતી નથી. આ બધી વાતોના વિચાર મારા મનમાં એક પછી એક આવ્યા કરે છે. મારૂં મન તેમાંથી ખસતું નથી, ને ઘણું વ્યાકુળ થઇ રહ્યું છે. બગલીએ કહ્યું, શું હંસને તું એટલી બધી વહાલી છે? શું તારાપર તે એટલો બધો પ્યાર રાખે છે કે તેના વગર તું આટલી બધી વ્યાકુળ થઇ ગઈ છે? હંસી બોલી, અરે મૂર્ખી, તું એ શુ બોલે છે? સ્ત્રી ઉપર પતિ પ્રેમ રાખે કે ન રાખે, પણ સ્ત્રીનો તો ધર્મજ છે કે તેણે પતિના ઉપર તનમનથી ભાવ રાખવો. મને લાગે છે કે સ્ત્રીધર્મનો કોઇપણ ગ્રંથ તેં વાંચ્યો નથી, તેમ તે સંબંધી કંઇ સાંભળ્યુંએ નથી, તેથીજ

તારી આવી બુદ્ધિ જણાય છે. નીતિનું વચન છે કે–જે સ્ત્રીને પોતાના પતિએ કઠોર વચન કહ્યાં હોય, અથવા જેનાપર તેણે ગુસ્સો કર્યો હોય તે સ્ત્રીએ પણ પોતાના સ્વામી તરફ પ્રસન્ન મુખથી જોવું જોઇએ, ને તેવી સ્ત્રી ખરેખર ધર્મની અધિકારિણી થાય છે. વળી પતિ ગમે તેવો હોય, નગરમાં રહેતો હોય કે વનમાં રહેતો હોય, પાપી હોય કે ધર્માત્મા હોય, પણ જે સ્ત્રી તેનાપર પ્યાર રાખે છે, તેનાં સંસારમાં હમેશાં વખાણ થાય છે. તે આ લોકમાં પરમ સુખ પામે છે. સ્ત્રીના સઘળા આભુષણમાં ખરેખરૂં આભુષણ તો તેનો પતિજ છે. સ્ત્રી ગમે તેવી રૂપનો ભંડાર હોય તોપણ પતિ વગર તે રૂપવાન ગણાતી નથી. વળી એવું કહ્યું છે કે જે સ્ત્રી ઘરકામમાં ચતુર હોય છે, પુત્રવાળી હોય છે, પતિવ્રતા હોય છે, તથા જેને પોતાનો પતિ પ્રાણસમાન વહાલો છે તેનેજ ભાર્યાનું નામ શોભે છે; અને જે સ્ત્રીથી પોતાનો પતિ સંતોષ પામતો નથી તે ભાર્યા કહેવાતી નથી. પતિ સંતોષ પામે તો સઘળા દેવતા પણ સંતોષ પામે છે. અત્રિ મુનિની સ્ત્રી અનસૂયાએ સીતાજીને સ્ત્રીધર્મના સંબંધમાં જે કંઇ કહ્યું છે તે સ્ત્રીમાત્રને અભ્યાસ કરવા યોગ્ય છે. દુર્ગન્ધાએ પુછયું, અનસૂયાએ સ્ત્રીના ધર્મ કયા કહ્યા છે? ત્યારે પતિવલ્લભા હંસી બોલી:–

શ્રી રામચંદ્રજી વનવાસ માટે નિકળ્યા હતા, ત્યારે તેઓ એક વખત અત્રિ ઋષિને આશ્રમે પધાર્યા હતા. ત્યાં આગળ રામના કહેવાથી સીતાજી અત્રિ ઋષિની સ્ત્રી અનસૂયા પાસે ગયાં, અને તેને પ્રણામ કરી ખેમકુશળના સ-

માચાર પુછ્યા. પછી મોટા ભાગ્યવાળી અનસૂયાએ સીતાજીને કહ્યું કે, હે સીતા, તું, 'હું ક્ષત્રીકન્યા તથા રાજપુત્રી છું માટે વનવાસ કેમ જાઊં,' એવો ગર્વ છોડી દઈ પિતા દશરથે જેને વનમાં મોકલ્યા છે એવા પોતાના પતિ રામની સાથે સાથે જાય છે, એ ઘણું સારૂં કરે છે. નગરમાં રહેલો કે વનમાં રહેલો, પોતાને અનુકૂળ અથવા પ્રતિકૂળ, સારો કે નરસો, અતિદુષ્ટ સ્વભાવવાળો કે શાંત સ્વભાવવાળો, નિર્ધન અથવા રોગી હોય તોપણ જે સ્ત્રીને પોતાનો પતિ પ્રિય હોય તે સ્ત્રી આ લોકમાં પરમ સુખ ભોગવે છે; કેમ કે સારા સ્વભાવવાળી સ્ત્રીઓનું પરમ દૈવત પતિજ છે. હે વિદેહ રાજાની પુત્રી! સ્ત્રીએ અખંડ તપ કરવાની પેઠે આ લોક તથા પરલોકને વિષે ધારેલું ફળ મેળવવાને વાસ્તે ભજવા યોગ્ય પતિજ છે; કારણ મને વિચાર કરતાં જણાય છે કે તેમનો હિત કરનાર માત્ર પતિ છે. તેના શિવાય બીજા કોઇને હું અધિક જોતી નથી. હે સીતા! નહીં કરવા યોગ્ય કામ કરનારી જે દુષ્ટ સ્ત્રીઓ હોય છે તે અપજશ પામી તથા ધર્મથી ભ્રષ્ટ થઈ અંતે ઘણું દુ:ખ ભોગવે છે. તારા સરખી વિવેકી તથા ધર્મ જાણનારી જે સ્ત્રીઓ હોય છે તે પુણ્ય કરનારની પેઠે આ લોકમાં જશ મેળવી અંતે સુખ ભોગવે છે. માટે તું રામની સાથે રહે, અને પતિવ્રતાના ધર્મ પાળનારી, પતિજ છે દૈવત જેનું એવી આચાર પાળનારી અને ધણીની સાથે ધર્માચરણ કરનારી થા; તેથી કીર્ત્તિ ને ધર્મ પામીશ.

આવાં અનસૂયાનાં વચન સાંભળી તેમને સીતાજીએ કહ્યું કે, તમે મને શીખામણ આપો છો એ આર્ય જેવા તમારા

મુખમાંથી સાંભળી આશ્ચર્ય પામવાનું નથી. સ્ત્રીઓનો ગુરૂ પતિજ છે એમ તમે મને જે બોધ આપ્યો, તે મારા પણ જાણવામાં છે. પોતાનો પતિ વખાણવા લાયક ચરિત્ર વગરનો હોય તથા પેટ ભરવા જેટલા પૈસા કમાતો ન હોય તોપણ, સ્ત્રીએ પોતાના સ્ત્રીપુરૂષરૂપ જોડામાં તુટ ન પડે તેવી રીતે પ્રીતી રાખીને તેના તરફ વર્તવું જોઇએ. એમ છે તો ઉત્તમ ગુણને લીધે વખાણવા લાયક, દયાળુ, મનને અંકુશમાં રાખનાર, સ્થિર, હેત રાખનાર તથા ધર્માત્મા એવા પતિ તરફ પેહેલાં કહ્યું તે મુજબ સ્ત્રીએ વર્તવું એમાં શું આશ્ચર્ય? આ પ્રમાણે કહી અનસૂયાને નમન કરી સીતાજી પોતાના સ્વામી શ્રી રામચંદ્રજી સાથે તેઓની આજ્ઞા લઈ ત્યાંથી વિદાય થયાં.

તેટલા માટે મારા પ્રાણપતિને જોઈનેજ હું જીવી શકું છું. આ વાત સાંભળીને દુર્ગન્ધા બગલી પોતાના મનમાં ઘણી શરમાઇ ગઈ અને પતિવલ્લભા હંસીનાં ઘણાં વખાણ કરી પોતાને સરોવર ચાલી ગઇ. ત્યાં પહોંચ્યા પછી પોતાના રૂપ અને જુવાનીનો તોર તજી દઇ પોતાના પતિની સેવા તનમનથી કરવા લાગી.

આટલા માટે કહું છું કે જે સ્ત્રી પોતાના સ્વામીની સેવા હેતભાવથી નહીં કરશે તે દુર્ગન્ધા બગલીની માફક માનભંગ પામશે.

આ બધી વાત સાંભળીને સાસુ નણન્દ જેઠાણી દેરાણી વગેરેએ તે ડાહીગવરીનાં ઘણાં વખાણ કર્યા ને તેને આશીર્વાદ દીધો કે તારા પતિનો પ્યાર તારાપર અખંડ રહો

અને દિન દિન તમારા બેમાં ચંદ્રચકોરની માફક પ્રેમપ્રીતિ વધતી જાઓ.

આટલી કથા રત્નગવરીને કહીને ચંદ્રશંકર પણ્ડિત બોલ્યા કે જે સ્ત્રી પોતાના સાસરામાં ડાહીગવરીની માફક વર્તશે તે બંને કૂળને શોભા આપશે, અને માબાપની તથા સાસુસસરાની કીર્ત્તિ વધારશે, તથા આ લોક અને પરલોકમાં હમેશાં ઊંચું સુખ ભોગવશે.

ત્રીજો અધ્યાય સમાપ્ત.

ચોથો અધ્યાય.

વૃદ્ધાવસ્થાનો પ્રારંભ.

ધરમદાસ શેઠે સુલક્ષણાને કહ્યું કે, યુવાવસ્થાની કથા સાંભળીને મારૂં મન ઘણું પ્રસન્ન થયું છે. હવે વૃદ્ધાવસ્થાની હકીકત સાંભળવાની મારી ઇચ્છા છે. સુલક્ષણા બોલી, સ્વામીનાથ, ચંદ્રશંકર પણ્ડિત રત્નગવરીને જ્યારે યુવાવસ્થા શીખવી ચુકયા, ત્યારે તેને કહ્યું કે, વહાલી પુત્રી, હવે વૃદ્ધાવસ્થાની કથા શીખવાનો આરંભ કરો કે જેનું પેહેલું વાક્ય આ છેઃ—

દોહરા.

વૃદ્ધાવસ્થા પામીને, લહે ન મન સંતોષ;
જીવથી જોડાઇ રહે, લોભ મોહ ને રોષ. ૬૮
ચકિત થાય વિદ્વાનથી, સદ્‌ગુણ દેખી વિશેષ;
કામાદિક રિપુ* જીતતાં, હોય સ્તુતિ હમેશ. ૬૯

ચંદ્રશંકર બોલ્યા કે ભાવનગરમાં શિવશંકર નામના એક પણ્ડિત રહેતા હતા. તેની સત્યગવરી નામની સ્ત્રી ઘણી ગુણવાન, બુદ્ધિમાન, દયાળુ, ધર્મ સમજનારી ને તેપર ભાવ રાખનારી હતી. ગૃહસ્થાઇના ધર્મથી તે સારી રીતે વાકેફગાર હતી, ને પોતાનાં ઘરમાં બધામાં તે ઘરડી હતી. દૂધ ઘી વગેરે સર્વ ચીજ તેને ત્યાં જોઇએ તેટલી હતી, તોપણ વિદ્યા અને ધનનો સંચય કરવાનો તે હમેશાં યત્ન કરતી. કહ્યું છે કે, બુદ્ધિમાન પુરૂષે જરૂર પોતાને અજર† તથા અમર સમજીને વિદ્યા અને ધનનો સંચય

---

* છ શત્રુ—કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

† જેને જરા—વૃદ્ધપણુનાં ચિન્હ નહીં તે.

કરવો, અને મોતે આવી આજેજ ગળું ઝાલ્યું હોય ને ધર્મનું આચરણ કરવા મંડીયે તેમ રોજ કરવું. તે બુદ્ધિમાન સ્ત્રી હમેશાં પોતાના ઘરની સંભાળ રાખતી. દરેક વસ્તુપર નજર રાખ્યા કરતી. જે ચીજ વપરાતાં વપરાતાં થોડી રહેતી તે પેહેલાંથી મંગાવી રાખવાની પેરવી કરતી, અને જે રૂપિયાપૈસા ઘરના ખરચ માટે ઉપડતા તેનો હીસાબ રાખતી. ઘરકારભારનો સઘળો બોજો પોતે ઉપાડતી. કદીપણ પોતાના પતિ કે પુત્રને ઘરની ખટપટમાં નાખી તેમને રોકતી નહીં. શિવશંકર પોતે પુત્ર સાથે એક ચિત્તથી પોતાના કામધંધામાં મચ્યા રહેતા, ને કદીપણ ઘરના કામકાજની ચિંતા તેમને રહેતી નહોતી. સત્યગવરી એટલી કાળજી રાખીને ખરચ કરતી કે એક દમડી પણ નકામી જવા દેતી નહીં. હાથ રાખીને ખરચ કરનારા માણસ હમેશાં સુખી રહે છે. કહ્યું છે કે, જે માણસ એક દમડી શા હીસાબમાં છે એવું ગણે છે તે આખરે દરિદ્રી થાય છે, અને એક ક્ષણ તે કંઈ ઉપયોગનો વખત નથી એવું જે ગણે છે તે મૂર્ખ રહે છે. કવિનું વચન છે કે–

દોહરો.

કોડી કોડી જોડોને, ધની* થાય ધનવાન;
અક્ષર અક્ષર શિખતાં, ગ્નાની થાય વિદ્વાન. ૭૦

હદમાં રહી કમી ખરચ કરનારા દરિદ્રતાને જીતી લે છે અને હદ બહાર જઇ ખરચ કરનારા નક્કી દરિદ્રતાના ફાંસામાં ફસી પડે છે. તેટલા માટે માણસે હમેશાં હદમાં રહીને ઘરનો ખરચ કરવો યોગ્ય છે. સત્યગવરીને ઘેર જે

* ઘણોજ દ્રવ્યવાન.

ચીજ આવતી તેને એવી રીતે તે વહેંચી આપતી કે નાના મોટા દરેકને તે પહોંચી રહે. વરસાદના દિવસમાં ઘરના દરેક ભાગની રોજ દખરેખ રાખતી ને કદાપિ કોઇ ભાગ પડી જવા જેવો માલમ પડતો અથવા કોઇ ભાગમાં પાણી ગળતું તો તે તરત સમું કરાવતી. વળી ઘરનાં કિમતી કપડાં કાગળ પત્ર વગેરે વસ્તુઓને વખતોવખત તડકો ખવડાવતી. ચોમાસામાં અને શિયાળામાં જે વસ્તુની તેને જરૂર લાગતી તે પેહેલાંથી ખરીદ કરી રાખતી અને જે વસ્તુ જે ઋતુમાં થતી, તે વસ્તુઓ તે ઋતુમાં પોતાની જરૂર અને ગુંજાસ પ્રમાણે ખરીદ કરી ભરી મુકતી; કેમકે મોસમ ગયા પછી તેવી વસ્તુઓ મોંઘી થાય છે. પોતાના ઘરનાં સઘળાં માણસોને વેહેલા ઉઠવાની ટેવ પાડતી અને સઘળાં સ્વચ્છ તથા ચોખ્ખાં રહે તે માટે પુરતી કાળજી રાખતી. તેના ધાકથી વહુઆરૂ પોતાના બાળકને મેલાં રાખી શકતી નહીં ને મેલાં લુગડાં પહેરાવી શકતી નહીં. સત્યગવરી ઘણું ખરૂં પોતે નાનાં છોકરાંઓની ખાવાની તજવીજ રાખતી અને કક્કાના અક્ષર તથા આંક શીખવ્યા કરતી. સઘળી વહુઓને પોતાના કહ્યામાં રાખતી અને તેમને ઘરધંધો બતાવતી તથા તેઓ પોતપોતાનાં બાળકને સારી શીખામણ આપે તેવો બોધ કર્યા કરતી. ઘરનાં સઘળાં માણસ પર એક સરખું હેત રાખતી. કપડાં ઘરેણાં સઘળાંને બરોબર કરાવતી. માંહોમાંહે કોઇને તે લડવા દેતી નહીં. સત્યગવરી ઘરમાં જે ગાય ઘોડા વગેરે જાનવર પાળતી તેમને ખાવાપીવાની પુરતી જોગવાઈ કરતી; કદી પણ તેવાં જનાવરને તે દુઃખી રાખતી નહીં.

પોતાના ચાકરનફરને તે કહેતી કે એ બચારાં અવાચક પશુ છે તેને ભુખ્યાં તરસ્યાં રાખવાં જોઇએ નહીં; જે એને નકામું દુઃખ દે છે તે ઇશ્વરના ઘરનો ચોર થાય છે. ઘરના નોકરોપર ધાક રાખતી, તેની સાથે તેમનાપર દયા પણ રાખતી. તેની વહુઓમાં એક મિથ્યાભાષિની નામની હતી. તે પોતાના બાળકને જૂઠું બોલી બોલીને ડરાવ્યાં કરતી હતી ને તેમને કેટલીકવાર ખોટાં લાડ લડાવતી. આ વાતની સત્યગવરીને ખબર પડતાં તેણે તેને કહ્યું કે, વહુ, જૂઠું બોલવું એ ઘણું ખોટું છે, આપણા અણસમજુ અને નિર્દોષ બાળક આગળ જૂઠું ન બોલ્યા કરો, કેમકે જ્યારે તે બાળક એમ જાણશે કે અમારી મા અમને જૂઠું બોલીને ડરાવ્યા કરે છે ને સતાવે છે તો મોટા થયા પછી એમનો સ્વભાવ પણ જૂઠું બોલવાનો થશે, ને એવી ટેવ પડે એ ઘણું નઠારૂં છે. કોઇ કવિનું વચન છે કેઃ—

દોહરો.

જૂઠું કદી ન બોલવું, જૂઠ પાપનું મૂળ;
જૂઠાના ભરૂસાતણી, કરે ન કોઈ ભૂલ. ૭૧

જે આ વાતપર ધ્યાન નથી આપતાં તે ભરવાડના છોકરાની માફક આખરે પસતાય છે. વહુએ પુછ્યું કે, એ શી રીતે. સત્યગવરીએ કહ્યું કે સાંભળો તે વાત.

એક ભરવાડનો છોકરો રોજ ઘેટાં ચરાવવાને માટે જંગલમાં જતો હતો. તે જૂઠી જૂઠી બૂમ પાડતો કે દોડજો રે દોડજો; વાઘ આવીને આ ઘેટાંને લઈ જાય છે. આવી એની બૂમ સાંભળીને ગામના લોક ત્યાં દોડી આવતા ત્યારે

તે હસી પડતો, ને લોકો બચારા ખસીઆણા પડીને પાછા જતા. આ પ્રમાણે બે ચાર વાર થયું. ત્યારે લોકો સમજી ગયા કે એ છોકરાને જૂઠું બોલવાની ટેવ પડી છે. એક દિવસ એવું બન્યું કે ખરેખરજ વાઘ આવ્યો, અને એક ઘેટાને લઇને તે ચાલવા માંડયો; ત્યારે તે છોકરાએ બહુએ બૂમ પાડી શોરબકોર કરી મુકયો, પણ તેની બૂમ ખોટી છે એવું સમજીને ગામનું કોઇપણ માણસ બાહાર નિકળ્યું નહીં. તેથી વાઘ ઘેટાને લઈ ગયો ને તે છોકરો મનમાં પસ્તાવો કરવા લાગ્યો. કહ્યું છે કે:–

દોહરો.

જૂઠા બોલા જન તણું, કદી ન માને કોય;
નિજ દુઃખ* બોલે ભાંડ પણ, જનમન જૂઠું હોય. ૭૨

તેટલા માટે હું કહું છું કે બાળકને જૂઠું બોલતાં શીખવવું સારૂં નથી. સત્યગવરીનું જેવું નામ હતું તેવાજ તેનામાં ગુણ હતા. એક દિવસ તેના છોકરાનો છોકરો રસ્તામાં રમતો હતો તેવામાં એક રેશમી કોરનો ધોતીજોટો રસ્તામાં પડેલો તેના જોવામાં આવ્યો. આસપાસ કોઇને ન જોયાથી દોડીને તે જોટો તેણે ઉઠાવી લીધો, અને ઘરમાં લઇ જઇ પોતાની દાદીમા સત્યગવરીને આપ્યો. સત્યગવરીએ તે જોઇને છોકરાને પુછયું કે, એ તું કયાંથી લાવ્યો. તે છોકરો બોલ્યો કે, મા, હું બહાર રમતો હતો તે વખતે રસ્તામાં મારા જોવામાં આવ્યો; ત્યાં કોનો પડી ગયો તે હું જાણતો નથી. એનો કોઈ ધણી થયેલો જણાયો નહીં તેથી હું

---

* પોતાનું ખરૂં દુઃખ.

ઉઠાવી લાવ્યો છું. સત્યગવરીએ કહ્યું, અરે મૂર્ખા, દોડ, જા એને ચોકીમાં આપી આવ; કેમકે એનો માલીક હમણા એ ધોતીજોટાને શોધતો હશે, તો તને ચોર ઠેરવી ચોકીમાં પકડાવી દેશે, અને ચોકીવાળા તને ભારે શિક્ષા કરશે. તેટલા માટે જલદીથી જઇને તે ચોકીમાં પહોંચાડી આવ, અને હવે પછી એવી રીતે રસ્તામાં પડેલી કોઇની પણ જણસ તારે ઉઠાવી લાવવી નહીં; તારો આવો સ્વભાવ મને સમુળગો ગમતો નથી. પારકી વસ્તુ લેવી એ હમેશાં હલકું ને નીચ કામ સમજવું જોઇએ; કેમકે વિદ્વાનોનું વચન છે કે જે પારકાંની જણસ ધૂળના ઢગલા જેવી ગણે છે ને જે સઘળા જીવોને પોતાના સરખા ગણે છે તે માણસ મહાપુરૂષ કહેવાય. આ વાત સાંભળી તે છોકરો પોતાના મનમાં ઘણો ગભરાયો ને ઝટપટ દોડીને તે ધોતીજોટો લઇ ચોકીમાં આપી આવ્યો તથા કાન પકડીને પોતાની દાદીમા આગળ બોલ્યો કે હવેથી કોઇની પડેલી વસ્તુ કદીપણ ઉપાડીશ નહીં, એમ કહીને પાછો રમવાને ગયો.

એક દિવસ સત્યગવરી જમીને ઉઠી ત્યારે એક કુતરો રોટલાના કકડાની લાલચથી આંગણામાં બેસી રહ્યો હતો. સત્યગવરીના છોકરાની છોકરી જે આ વખતે આંગણામાં રમતી હતી તેણે આ કુતરાને જોઇને તેના માથા ઉપર એક લાકડી એટલા જોરથી મારી કે બૂમ પાડતો પાડતો તે ત્યાંથી નાઠો. આ જોઇને સત્યગવરી બોલી કે, હે દુષ્ટ છોકરી, તે આ શું કીધું? આ બચારા બેસી રહેલા કુતરાને તેં શું કામ માર્યો? તે બચારો કકડા રોટલાની

આશાએ અહીં બેસી રહ્યો હતો તે તને શું નડતો હતો? આ સાંભળી તે છોકરી પોતાના મનમાં ઘણી શરમાઈ ગઈ અને બોલી કે, દાદીમા, મારો આટલો અપરાધ માફ કરો. સત્યગવરી બોલી કે, બેટા કોઇપણ જીવને નકામું દુઃખ દેવું સારૂં નથી. તેનો જીવ પણ તારા જીવ જેવોજ છે. સજ્જન લોક સઘળા જીવને પોતાના જેવાજ ગણે છે.

સત્યગવરી કોઇપણ વખત કોઈને દુઃખ પામવા દેતી નહીં. સઘળાં ઉપર સરખો દયાભાવ રાખતી. તુળસીદાસ કવિનું વચન છે કેઃ—

દોહરો.

દયા ધરમકા મૂલ્ હૈ, પાપ મૂલ્ અભિમાન ।
તુલસી દયા ન છાડિયે, જબ લગ ઘટમેં પ્રાન*॥ ૭૩

કોઇ આંધળોલુલો તેને બારણે આવતો તો તેને કદીપણ ખાલી હાથે તે પાછો જવા દેતી નહીં; પોતાના ગજા પ્રમાણે તેને મુઠી દાણા કે પૈપૈસો આપી વિદાય કરતી. કહ્યું છે કેઃ—

દોહરો.

દાન દીનને દેવું જે, બને ન ભૂખનો ભોગ;
ઔષધ તેને આપીએ, જેને અંગે રોગ. ૭૪

જે ખરેખરો ગરીબ ભીખારી બારણેથી નિરાશ થઇ પાછો ફરે છે તે પોતાનું પાપ મુકીને પુણ્ય લઇ જાય છે.

સત્યગવરી ઘરની અંદર ચોખ્ખાઇ ને સાફસુફ રાખવામાં

---

* દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છોડવી, જ્યાં લગી ઘટમાં પ્રાણ.

પણ ઘણું ધ્યાન આપતી હતી. ઘરના બધા ભાગમાં લિપાવીગુંપાવી સારી સ્વચ્છતા રાખતી. કદાપિ જો ઉંદર નોળિયા વગેરે ઘરમાં ખાડા ખોદતાં કે બાકાં પાડતા તો તે તરત પૂરાવી દેતી કેમકે તેવાં બાકાંમાં સાપ વગેરે ઝેરી જીવજંતુઓ ભરાઇ રહેવાની ધાસ્તી રહે છે. કોઇ છોકરાં છૈયાંને ભીંતપર લખવા ન દેતી કે તેનાપર કોયલા વગેરેના લિસોટા કરવા ન દેતી; તેમ કોઇને ગમે તે જગ્યાએ પાણીબાણી ઢોળી કાદવ કરવા દેતી નહીં. જે છોકરાંઓ બોર તડબુચ શેરડી અથવા કેરી જેવા પદાર્થો ખાતાં તેમને ઘરની અંદર ગમે ત્યાં તેનાં છેતરાં, ગોટલા, કે ઠળિયા નાખવા દેતી નહીં; એક જગ્યાએ બેસાડીને તેમને ખવડાવતી અને તેનાં છોતરાં, ઠળિયા, કુચા વગેરે એકઠાં કરાવતી અને જ્યારે તેઓ ખાઈ રહેતા ત્યારે સઘળુ તેમની પાસે ઉપડાવી, કચરો એકઠો કરવા માટે રાખેલા કુંડામાં ફેંકાવી દેતી, અને છોકરાંઓનાં હાથમ્હોં ધોવડાવતી. ઘરમાં ચોખ્ખું ન રાખવાથી ગંધ મારે છે અને ઘરની દુર્ગંધ શ્વાસ લેવાની સાથે માણસના શરીરની અંદર જાય છે, તેથી અનેક રોગ ઉત્પન્ન થાય છે, અને તે ઘરનાં માણસ ઘણી પીડા પામે છે. તેટલા માટે ઘરની અંદર, તેમ ઘરની આસપાસ, સારા માણસોએ કદી પણ ગંદવાડો રાખવા દેવો નહીં. જે ઘરમાં આ બાબત ઉપર ધ્યાન અપાતું નથી તે ઘરનાં માણસો કંઇ નહીં ને કંઇ રોગથી હેરાન થયા કરે છે ને ઘરમાંથી રોગ નિકળતોજ નથી. વળી દુઃખ પડવાથી તે કંઇ ઉદ્યમ કરી શકતા નથી તેથી રૂપિયા ઉછીતા લેવાથી અથવા જોઇતી

વસ્તુઓ ઉધાર લેવાથી મન્દવાડમાંથી ઉઠે છે ત્યારે કંગાલ સ્થિતિમાં આવી પડેલા માલમ પડે છે; તેથી એવી દરિદ્રતાનું આ કારણ દરેક માણસે ધ્યાનમાં રાખી તેથી દૂર રહેવું જોઇએ. સત્યગવરી નાનાં છોકરાંવાળી વહુઓને રોગિષ્ટ પદાર્થ કદી ખાવા દેતી નહીં, અને શરદી તેમ ગરમી ન થાય તેવા પ્રકારનાં કામ તેમને સોંપી તેમની તબીએત સમાલતી હતી; કેમકે ધાવણાં છોકરાંની મા રોગિષ્ટ ખોરાક વગેરે ખાય તો તેમના દૂધમાં વિકાર થાય છે ને તેથી બાળક હેરાનગતિ ભોગવે છે. આટલી ચોકસાઇ રાખવા છતાં જો કોઇ બાળક દૈવયોગથી માંદું પડતું તો પોતે અથવા હોશિયાર વૈદ્ય કે ડાકટરનું ઓસડવેસડ કરતી. મૂર્ખ સ્ત્રીઓની માફક ધૂતારાઓના માદળિયાં કે ટુચકા ઉપર કદી વિશ્વાસ રાખત નહીં. ને વહુઓનો તેવો વહેમી સ્વભાવ થવા દેતી નહીં. એ બાબતનો તે હમેશાં ઉપદેશ કરતી.

વળી જે સ્ત્રીઓના શીલ ગુણ વગેરે તેના જાણવામાં આવેલા ન હોય, તેવી સ્ત્રીઓને તે પોતાને ઘેર આવવા દેતી નહીં, અને પોતાની વહુઓને તેવી અજાણી સ્ત્રીઓની સોબતમાં બેસવા દેતી નહીં; કેમકે નઠારી સ્ત્રીઓ પારકાની વહુ બેટીઓને નઠારાં લક્ષણ શીખવે છે અને આખો દહાડો પારકે ઘેર ભટક્યા કરે છે. આવી નઠારી સ્ત્રીઓના સંગને લીધે મોટા ઘરની સ્ત્રીઓમાં ઘણું કરીને દુષ્ટ સ્વભાવ પેસી જાય છે. પોતાને ઘેર જે ચીજ સોળ શેરની પડી હોય તે વીસ શેર લેખે આપી દે છે અને બારોબાર રૂપીઆ વ્યાજે આપી આખરે તે ખોઇ બેસે છે. જુઓ એ કેવી મૂર્ખાઇની વાત છે કે પોતાના ધણી વગેરેથી છાની રીતે

પૈસા એકઠા કરવાની લાહ્યમાં પોતાના ઘરનું પોતેજ સત્યાનાશ વાળે છે. સ્ત્રીઓના આવા નઠારા સ્વભાવથી હમેશાં ડરતાં રહેવું જોઇએ. સત્યગવરી આવી બાબતો ઉપર ઘણી ચોકસી રાખતી હતી અને પોતાના ઘરની સ્ત્રીઓને દાખલા આપી આપી, સારી નઠારી બાબતોની તેમને સમજ પાડતી; અને દરેક રીતે ઉત્તમ પ્રકારનો ઉપદેશ કરી હરેક વાતમાં પોતાની બુદ્ધિનું બળ દેખાડી આપતી. શિવશંકર પણ્ડિત પોતાની સ્ત્રીની આવી પ્રવીણતા જોઇ ઘણો આનંદ માનતો અને વારંવાર પોતાના સારા ભાગ્ય માટે પરમેશ્વરનો ઉપકાર માનતો. એક દિવસ ઉનાળામાં સત્યગવરી પોતાના પલંગપર સુતી હતી, અને તેની ચારે વહુઓ તેની પાસે બેસી ડાહી ડાહી વાતો કરતી હતી. એવે સમયે ઘણા મધુર વચનથી એક વહુ બોલી કે, સાસુજી, પતિવ્રતા સ્ત્રી કોને કહેવી, અને પતિવ્રતા થવાની રીત કઇ છે, તે મને કૃપા કરી સમજાવો. સત્યગવરી બોલી કે, આ ગુણ તો વિદ્યા ભણવાથી એમનો એમ આવે છે, કોઇની પાસેથી શીખવાની જરૂર પડતી નથી, અને જે શીખીને પતિવ્રતા બનવા જાય છે તે દુઃખ પામે છે.

એક દિવસ સત્યગવરીનો જમાઈ પોતાના સાળાને છોકરો થયો એવી ખબર સાંભળીને એના ત્યાં આવ્યો. તેના આવવાથી સઘળાં ઘણા પ્રસન્ન થયાં. પોતાના નણદોઇ જાણીને સઘળી વહુઓએ તેનો જોઈતો આદરસત્કાર કીધો, અને ઘણા પ્રેમભાવથી તથા મધુર વચનથી તેની સાથે તેઓ મસ્કરીઠઠ્ઠા કરવા લાગી. આ વાત સત્યગવરીએ જાણી ત્યારે તેણે પોતાના મન સાથે વિચાર કીધો કે વહુઓ તો

પ્રેમભાવમાં વિવેક ભૂલી ગઈ જણાય છે તેથી મર્યાદાની બહાર જઈને તેઓ વાતચિત કરે છે; પરપુરૂષ સાથે સ્ત્રીઓએ આવી રીતે મસ્કરીઠઠ્ઠા કરવા ઘટારત નથી. આવો વિચાર કરીને સઘળી વહુઓને બોલાવી પાસે બેસાડી તેણે કહ્યું કે, તમને બધાને આનંદ થાય તેવી શીખામણની વાત કહુ છું તે તમારે બધાંએ ખૂબ ધ્યાન આપી સાંભળવી. જે સ્ત્રી પરપુરૂષ સાથે મસ્કરીઠઠ્ઠા ઘણા કરે છે તે હંસમુખ્ખી મેનાની માફક દુઃખ પામે છે. વહુઓએ પુછયું કે, એ શી રીતે. સત્યેગવરી બોલી કે મલયાગિરિ પર્વત ઉપર એક સમડીનું ઝાડ હતું તેમાં પોપટ અને પોપટીનું એક જોડું રહેતું હતું. તે ઝાડની પાસે એક બીજું ઝાડ હતું તેના ઉપર હંસમુખી મેના પોતાના નર સહિત રહેતી હતી. એનો નર જ્યારે કંઈ બહાર જતો ત્યારે તે હંસમુખી મેના સમડીના ઝાડપર જઈ બેસતી ને નિખાલસ મનથી પોપટની સાથે ઘણા મસ્કરીઠઠ્ઠા કરતી. એક દિવસ પોપટી બોલી કે, હે બહેન, પરપુરૂષની પાસે બેસી મસ્કરીઠઠ્ઠાની વાતો કરવી તે સ્ત્રીને છાજતું નથી. નીતિ જાણનાર પુરૂષનું વચન છે કે સ્ત્રી ઘીના ઘડા સમાન છે, અને પુરૂષ બળતા અગારાના જેવા છે, તેટલા માટે બુદ્ધિમાને એ બેને એકઠાં થવા ન દેવાં; કેમકે જાતિસ્વભાવથી ઘીને દેવતાની આંચ લાગવાથી પિગળવા માંડે છે. વળી એવું પણ કહ્યું છે કે, 'પતિ હાજર ન હોય ત્યારે આમ તેમ ભટકવું, અને પારકાના ઘરમાં સુવું અથવા રહેવું એ સ્ત્રીઓમાં દૂષણ ગણાય છે, એટલા માટે પોપટની સાથે મસ્કરીઠઠ્ઠા કરવા એ તને લાયક નથી. મેનાએ આ હિતનાં વચન ઉપર

ધ્યાન આપ્યું નહીં. એક દિવસ એ મેનાના નરે પોપટની સાથે વાતચિત કરતી તેને જોઇ તે ઉપરથી પોતાના મનમાં શંકા આવવાથી હંસમુખી મેના સાથે હેતભાવથી વાતચિત કરવાનું તેણે છોડી દીધું. પોતાના પતિને પોતાથી નારાજ થયેલો જાણી મેના ઘણું વિમાસણ કરવા લાગી ને ઘણી દિલગીર થઇ. તેને ગુસ્સે થવાનું કારણ જાણવાથી પોતે નિર્દોષ છે એવું અનેક પ્રકારે સમજાવવા માંડયું પણ તેનું મન માન્યું નહીં. પછી ઘણી ઘણી મહેનતે તેણે પોતાના પતિની ખાતરી કરી રાજી કીધો. તેટલા માટે કહું છું કે પરપુરૂષ સાથે મર્યાદા છોડી દઈ મજાક મસ્કરીના વાતો કરવી એ સારૂં નહીં. કોઇ કવિનું વચન છે કે:—

દોહરો.

ભલું ન અતિશય વરસવું, અતિશય ભલી ન ધૂપ;*
અતિશય ભલું ન બોલવું, અતિશય ભલી ન ચૂપ. ૭૫

આ વાત સાંભળીને વહુએ સમજી ગઇ ને ત્યાર પછી પોતાના નણદોઇ સાથે મજાક મસ્કરીની વાતો કરવી મુકી દીધી.

રત્નગવરીને આ કથા સંભળાવીને તથા બરોબર સમજાવીને ચંદ્રશંકર પણ્ડિત બોલ્યા કે જે સ્ત્રી ઘડપણમાં સત્યગવરીની માફક વર્તશે તેનું હમેશાં કલ્યાણ થશે અને યશ તથા કીર્ત્તિ વધારી સંસારમાં સુખ સંપત્તિ મેળવશે.

સુલક્ષણા શેઠાણીએ પોતાના પતિને કહ્યું કે, રત્નગવરી ત્રણે અવસ્થાની કથા સારી રીતે શીખી ચુકી ત્યારે વિદ્યાનો ચમત્કાર તેનામાં જણાવા લાગ્યો. પોતાનો વિનય તથા યોગ્યતા માતાપિતા વગેરે સઘળાને તે બતાવવા લાગી.

* તડકો, તાપ.

તેની માએ તેનો શાંત સ્વભાવ, આવી રીતે સદ્ગુણથી ભરેલો જોયો ત્યારે તેને નક્કી લાગ્યું કે હવે આ પુત્રી પોતાને સાસરે જઈ સઘળા પ્રકારનું સુખ મેળવશે, અને માબાપની આબરૂ વધારશે. ચતુર માણસની ચાલ ને રીતભાત છુપી રહેતી નથી. કોઇ કવિનું વચન છે કેઃ—

દોહરો.

શ્રવણ* નયન મુખ નાસિકા, સહુને એકજ ઠામ;
તર્ક વર્તણુક ચતુરના, જુદાંજ આઠે જામ. ૭૬

ચંદ્રશંકર પોતાની પુત્રીની ચતુરાઇ તથા હોશિયારી જોઇ મનમાં ઘણો આનંદ પામ્યા તથા ઇશ્વરનો ઘણો ઉપકાર માનવા લાગ્યા કે, હે સર્વશક્તિમાન, કરૂણાનિધાન નિર્ગુણ, નિર્વિકારી એવા ઇશ્વર તમને ધન્ય છે કે માર, જેવા અજ્ઞાનીપર દયા લાવીને મારી દીકરીને નવો જન્મા આપ્યો અને દુઃખરૂપી સમુદ્રમાં તે ડુબી હતી તેનાપર કૃપાદૃષ્ટિ કરી તેમાંથી તેને કહાડી; હું આપનો ફરી ફરીને અંતઃકરણથી ઉપકાર માનું છું.

દોહરા.

દીનબંધુ કરૂણાસદન†, ધન્ય ત્રિભુવન નાથ;
તમે કૃપા કરીને કરી, દીન અનાથ સનાથ. ૭૭
ગુણ મતિબળ અભિમાનથી, જશ પામે નહિ કોય;
પામે જશ જો જગતમાં, કૃપા તમારી હોય. ૭૮
ધન્ય ધન્ય પ્રભુ ધન્ય છે, ધન્ય ગરીબનિવાજ‡;
જેને પગ નહિ પગરખાં, તેને દે ગજરાજ§. ૭૯

---

* કાન. † કરૂણાના ધામ-ભંડાર, પરમેશ્વર.
‡ ગરીબનો બેલી-ગરીબને તારનાર. § હાથી.

કોણ શકે તમ યશ કહી, પ્રભુ છો દીનદયાળ;
જરા દયાદૃષ્ટિ કરી, ક્ષણમાં કરતા ન્યાલ. ૮૦
એવા કરૂણાધીશને*, ભજે ન મનથી જેહ;
તે નર પશુ સમાન છે, મનુષ્યનો ધરી દેહ. ૮૧
ભજ મન દીનદયાળને, તું પામે વિશ્રામ;
જેની કૃપાકટાક્ષથી†, પૂર્ણ થાય મન કામ. ૮૨
દયાળ કરી મુજપર દયા, ભક્તિ દે પિતુમાત;
જેથી રિપુદળ‡ જીતીને, ભજું તને દિન રાત. ૮૩

આ પ્રમાણે સંપૂર્ણ કથા સુલક્ષણા શેઠાણીને મ્હોડે સાંભળી ધરમદાસ શેઠ ઘણા પ્રસન્ન થયા અને પોતાની પુત્રી કળાવતીના અભ્યાસપર તનમનથી ધ્યાન આપવા લાગ્યા. કળાવતી ભણીગણી ઘણી ગુણવાન તથા હોશિયાર બની ત્યારે તેના લાયક ઘર તથા વર શોધી કાઢીને તેનાં લગ્ન કીધાં. કળાવતીએ પોતાને સાસરે જઇ પોતાના સાસુ સસરા વગેરે સઘળાનાં મનને આનંદ આપ્યો અને પોતાના માબાપની ઘણી આબરૂ વધારી.

જે કન્યા આ ગ્રંથ ચિત્ત લગાડીને વાંચશે તે પણ કળાવતી વગેરેની પેઠે વખાણને પાત્ર થશે, અને સાસરામાં એક શણગારરૂપ થઇને બંને કૂળની શોભા અને પ્રતિષ્ઠા વધારશે તથા આ લોક અને પરલોકમાં હમેશાં અનેક પ્રકારનાં ઊંચાં સુખ ભોગવશે.

વિનય શિલ ગુણ યોગ્યતા, સર્વ સ્થળ સન્માન;
નક્કી પામે તે સુતા§, ભણે આપી જે ધ્યાન. ૮૪

---

* પરમેશ્વર. † કૃપાદૃષ્ટિ. ‡ અનેક શત્રુ. § છોકરી.

કહું સ્વદેશી બંધુને, વચન હું વિનય સહિત;
સુણો વિનતિ કરીને દયા, ધરો પછી નિજ ચિત્ત. ૮૫
જો ઘર વર સુંદર ગુણી, જોવા ઇચ્છા હોય;
પ્રેમે શિખવો પુત્રિને, તો વિદ્યા સહુ કોય. ૮૬
લાયક વર શોધો જુઓ, ગુણ ને દોષ સમાન;
કાગડો પરણે હંસને, ન લે સ્નેહ સન્માન. ૮૭
હિતને અહિત વિચારથી, કરે વચન પરમાણ;
સદા શિખામણ સાંભળે, તેનું થાય કલ્યાણ. ૮૮
જેહ સુતા આ ગ્રંથને, શિખે ધરી વિશ્વાસ;
રામલાલ તેની પ્રભુ, પૂરે મનની આશ. ૮૯
શુભ પુરાણ* ઋષિ† વ્યોમનો‡, જાન્યુઆરી માસ;
તે દિન આરંભી કર્યો, પૂરો ગ્રંથ પ્રકાશ. ૯૦

સમાપ્ત.

* પુરાણ-૧૮. † ઋષિ-૭.
‡ વ્યોમ-આકાશ-૧ (પુરાણ ઋષિ વ્યોમ-સને ૧૮૭૧).